નવા વિચારોનું નવુ માધ્યમ...
SOHAM 24

# સોહમ્ ૨૪

સુરેન્દ્રનગરનું લોકલ અખબાર
સાપ્તાહિક

વર્ષ : ૯ અંક : ૩૮ તા.૨૪-૧૦-૨૦૨૪ ( પાના : ૧૬) ગુરૂવાર છૂટક કિંમત રૂ.૫ | તંત્રી : રોહિતભાઈ જી.પરમાર, સહ તંત્રી : અવધેશભાઈ ત્રિવેદી

કોન્ટેક નંબર . ૯૦૩૩૩૦૦૩૪૫ / ૯૮૨૫૮૯૯૬૮૦ www.soham24.com - Email: soham24info@gmail.com

## નમસ્તે સુરેન્દ્રનગર

## દાઉદી બોહરા સમાજના ધર્મ ગુરુ



## જન્મ દિવસની હાર્દિક શુભકામના....

સૈયદના મોહમ્મદ બુરહાનુદ્દીન સાહેબના જન્મદિવસની ઉજવણીના દિવસે સૈયદના મુફદ્દલ સૈફુદ્દીન સાહેબ ના ૮૧ મા જન્મ દિવસ ની શુભકામનાઓ...

**દાઉદી બોહરા જમાત સુરેન્દ્રનગર તથા**

**સોહમ્૨૪ સાપ્તાહિક ન્યુઝ પરિવાર**

**સોહમ્ ૨૪ સાપ્તાહિક**

કાર્યાલય : રાજનાથ મહાદેવ મંદિર પાસે, કુથુંનાથ દેરાસર ચોક, રાજનાથ ચેમ્બર, શોપ નંબર - ૨, પહેલા માળે, સુરેન્દ્રનગર. Mo. 75750 20982
Email : soham24info@gmail.com




ટચુકડી જાહેરાત — **એક લાઈનના રૂ.૧૫/-**
(ટચુકડી જાહેર ખબર સોમવાર સાંજ સુધી)

**જાહેર ખબરના ભાવ**

| ફોર કલરના ભાવ | બ્લેક એન્ડ વ્હાઈટ (અંદરના પાને) |
|---|---|
| અંદરના પાને : રૂ.૧૨૫/- પ્રતિ સે.મી. | અંદરના પાને : રૂ.૭૫/- પ્રતિ સે.મી. |
| છેલ્લા પાને : રૂ.૨૦૦/- પ્રતિ સે.મી. | છેલ્લા પાને : રૂ.૧૫૦/- પ્રતિ સે.મી. |
| પહેલા પાને : રૂ.૨૫૦/- પ્રતિ સે.મી. | પહેલા પાને : રૂ.૨૦૦/- પ્રતિ સે.મી. |

## ભેળસેળીયાઓને નથી રહ્યો હવે કોઈનો ડર...

સુરેન્દ્રનગરમાં શહેરમાં ભેળસેળ કરી લોકોના આરોગ્ય સાથે ખુલ્લેઆમ ચેડા થઈ રહ્યાની વિગતો જાણવા મળી છે. શહેર તેમજ તાલુકા મથકો ઉપર પણ અનેક જગ્યાઓ પર ભેળસેળ કરનારાઓને જાણે મોકળુ મેદાન મળી ગયુ હોય તેમ ખાદ્ય સામગ્રીઓમાં ભેળસેળ કરતા અચકાતા નથી. અને લોકોના આરોગ્ય સાથે ચેડા થતા લોકોનું આરોગ્ય જોખમાય છે.

સુરેન્દ્રનગર શહેરમાં ગત તા.૧૫-૧૦ના રોજ ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ જાણે ઉંઘમાં જાગ્યુ હોય તેમ અચાનક શહેરમાં ચેકીંગ કાર્યવાહી કરી હતી. આ એક દિવસની ચેકીંગ કામગીરી દરમિયાન સુરેન્દ્રનગર શહેરી વિસ્તાર માંથી જ ૧૩ જેટલી પેઢીઓ ઝપટે ચઢી હતી. આ તમામ પેઢીઓમાંથી પામોલીન તેલ, દૂધ, હળદર, મરચુ, સોયાબિન મિક્ષ, ઘી, થાબડી માવો સહિત ૪૭ જેટલા શંકાસ્પદ ખાદ્ય સામગ્રીની વસ્તુઓના નમૂનાઓ લેવામાં આવ્યા છે. જેને પૃથકરણ માટે મોકલી આપવામાં આવ્યા છે. આ ઉપરાંત ચેકીંગ ટીમ દ્વારા શંકાસ્પદ ૧.૪૬ લાખના ઘી ના જથ્થાનો નાશ પણ કરવામાં આવ્યો છે.

સુરેન્દ્રનગરમાં તહેવાર ઉપર ખાદ્ય સામગ્રીઓ ભેળસેળ થઈ રહ્યાની વિગતો સામે આવતા ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગના અધિકારીઓએ ચોપડે ચઢાવવા માટે કામગીરી કરી હોવાની ચર્ચાઓએ જોર પકડયુ છે. ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગના અધિકારીઓ અન્ય દિવસોમાં પણ ચેકીંગ કરી નિષ્ઠાથી કામગીરી બજાવે તો ભેળસેળીયા તત્વોને ડર રહે, પરંતુ અધિકારી રાજમાં સબ ચલતા હૈ જેવી સ્થિતી જોવા મળી રહી છે.

બીજી બાજુ જો વાત કરીએ તો આવા કિસ્સામાં જે તે પઢી ગુનેગાર સાબિત થાય તો સામાન્ય દંડની જોગાવાઈ હોવાથી આવા ભેળસેળીયા તત્વોને છૂટો દૌર મળી રહેતા હોવાની વાત પણ જાણવા મળી છે. આમ શહેરીજનોના આરોગ્ય સાથે ખુલ્લેઆમ ચેડાની વાત જોખમી પુરવાર થઈ શકે. ત્યારે જો સરકારી અધિકારીઓ જ આ ભેળસેળીયાઓને રોકવામાં નિષ્ફળ જતા હોય તો પછી હવે આશા કોની પર રાખવી તે સવાલ થયો પણ વ્યાજબી છે.

## ઇન્ડિયન રેડક્રોસ સોસાયટી દ્વારા આંખોની તપાસ અને ફ્રી ચશ્મા વિતરણ કરવામાં આવ્યા







સુરેન્દ્રનગર :

ઇન્ડિયન રેડક્રોસ સોસાયટી સુરેન્દ્રનગર જીલ્લા શાખા દ્વારા આંખોની તપાસ અને ફ્રી ચશ્મા વિતરણના કેમ્પનું આયોજન કરવામાં આવેલ.

ગુજરાત રેડક્રોસ સોસાયટી ગુજરાત રાજ્ય શાખા ના ચેરમેન અજયભાઈ પટેલના માર્ગદર્શન અને સહકાર અને ઇન્ડિયન રેડક્રોસ સોસાયટી સુરેન્દ્રનગર જીલ્લા શાખા દ્વારા તા. ૧૯-૧૦ ને શનિવાર ના રોજ રેડક્રોસ ભવન, અજરામર કોમ્પલેક્સ,ખાતે આંખોની તપાસ અને ફ્રી ચશ્મા વિતરણના કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું.

આ કેમ્પ માં ૫૦૦ થી પણ વધારે વ્યક્તિઓએ લાભ લીધેલ હતો તેમાંથી ૪૫૦ વ્યક્તિને નંબરવાળા ચશ્માં વિતરણ કરવામાં આવ્યા હતા. આ કેમ્પમાં સુરેન્દ્રનગર દુધરેજ વઢવાણ નગરપાલીકા ના પ્રમુખ જીજ્ઞાબેન પંડ્યા ઉપસ્થિત રહ્યા હતા. અને રેડક્રોસના ચેરમેન કલ્પેશભાઈ સંઘવી, વાઈસ ચેરમેન નલિનભાઈ મેહતા, સેક્રેટરી રતિભાઈ ભડાણીયા, ટ્રેઝરર જસવંતભાઈ દોસી,કિરીટભાઈ ત્રિવેદી,પૂર્ણાંક ભાઈ શાહ,નીરવભાઈ શાહ, કેયુરભાઈ કોઠારી,રાજુભાઈ પારેખ, પ્રોજેક્ટ ચેરમેન અશ્વિનભાઈ પારેખ અને જીગ્નેશભાઈ સંઘવી તેમજ કારોબારી સભ્યોએ આ કેમ્પ સફળ બનાવવામાં સાથ સહકાર આપેલ હતો.

## વઢવાણ એપીએમસીમાં રેકર્ડમાં ચેડા સાથે છેતરપિંડી ચેરમેન, વાઈસ ચેરમેન સહિત ૩ સામે ફરિયાદ






સુરેન્દ્રનગર :

સુરેન્દ્રનગરમાં આવેલા વઢવાણ માર્કેટિંગ યાર્ડમાં રેકોર્ડ સાથે ચેડા કરીને દુકાનોની ફાળવણીના આરોપ લાગ્યા હતા. આ અનુસંધાને ગાંધીનગરથી તપાસના આદેશ થતા વઢવાણ માર્કેટિંગ યાર્ડના ચેરમેન અને યાર્ડના અધિકારીઓ ભૂગર્ભમાં ઉતરી ગયા છે.

રોજનું લાખો રૂપિયાનું ટર્નઓવર ધરાવતું અને સતત વિવાદોમાં રહેતું સુરેન્દ્રનગરનું વઢવાણ માર્કેટિંગ યાર્ડ ફરી એક વિવાદથી ચર્ચામાં આવ્યું છે. વઢવાણ માર્કેટિંગના ચેરમેન અને ૨ ડિરેક્ટરોએ યાર્ડના રેકોર્ડમાં ચેડા કરીને લાગતા-વળગતાઓને યાર્ડમાં દુકાનો આપી દીધાના ગંભીર આક્ષેપ લાગ્યા હતા.

આ આક્ષેપો બાદ ગાંધીનગરથી તપાસના આદેશ અપાયા હતા, જેના અનુસંધાને ગાંધીનગરથી અધિકારીઓની એક ટીમ તપાસ કરવા માટે વઢવાણ માર્કેટિંગ યાર્ડ આવી પહોંચી હતી. આ ટીમે સુરેન્દ્રનગર મંડળી રજિસ્ટ્રારને સાથે રાખી તપાસ શરૂ કરી હતી.

જો કે ગાંધીનગરથી અધિકારીઓની ટીમ તપાસ કરવા આવી છે તેની જાણ થતા જ જેમના પર આક્ષેપ લાગ્યા છે એ ચેરમેન અને યાર્ડના અધિકારીઓ ભૂગર્ભમાં ઉતરી ગયા છે.

વઢવાણ માર્કેટિંગ યાર્ડના ચેરમેન અને ડિરેક્ટરોની કામગીરી સામે સવાલો ઉઠ્યા છે, જો કે ટૂંક સમયમાં આ સમગ્ર મામલે ગુનો દાખલ કરી તપાસ તેજ કરવામાં આવે તેવી તજવીજ શરૂ કરવામાં આવી છે.

વઢવાણ એપીએમસીમાં થયેલી છેતરપિંડી અંગે પોલીસ ફરિયાદ નોંધવામાં આવી છે. એપીએમસીના ચેરમેન રામજીભાઈ ગોહિલ, વાઈસ ચેરમેન રાયમલભાઈ ચાવડા અને ડિરેક્ટર હરજીવનભાઈ પરમાર સહિત ત્રણ વ્યક્તિ સામે ફરિયાદ નોંધવામાં આવી છે.

એપીએમસીના હોદેદારો એ હોદ્દાનો દુરુપયોગ અને છેતરપિંડી કર્યો હોવાનો ફરિયાદમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તેમજ એપીએમસી ના હોદેદારોએ ખોટા રેકર્ડનો સાચા તરીકે ઉપયોગ કરી હોદ્દાનો દુરુપયોગ કર્યો હતો. આ સમગ્ર મામલે જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા ફરિયાદ વઢવાણ પોલીસ મથકે ફરિયાદ નોંધાવવામાં આવી છે. એપીએમસી ના ચેરમેન, વાઈસ ચેરમેન સહિતનાઓ સામે છેતરપિંડીની ફરિયાદ નોંધાવતા રાજકારણમાં ગરમાવો વ્યાપી ગયો છે.

સોહમ્ ૨૪ સાપ્તાહિક

અખબાર મેળવવાનું સ્થળ :
રાજનાથ મહાદેવ મંદિર પાસે,
કુંથુંનાથ દેરાસર ચોક, રાજનાથ ચેમ્બર,
શોપ નંબર - ૨, પહેલા માળે,
સુરેન્દ્રનગર. Mo. 90333 00345
------------
અન્ય આ સ્થળેથી પણ અંક મળશે....
પતરાવાળી ચોક, વડવાળા કોમ્પ્લેક્સ, ટાંકીચોક, બસ સ્ટેન્ડ,
જોરાવરનગર રતનપર ફાટક, વઢવાણ ધોળી પાસે


સુરેન્દ્રનગર ની ધન્ય ધરતી પર
પૌરાણીક ૫૦ વર્ષ જુનું
શ્રી રણછોડરાયજીના પવિત્ર મંદિરના

સ્વ. રૂપાળી બા
જીર્ણોદ્ધાર
કાર્યમાં આપ સર્વે આ ભગીરથ કાર્યમાં
સંપર્ક : અનિલભાઈ પુજારી
સાથ સહકાર આપી આશિર્વાદ પ્રાપ્ત કરીએ 96647 24501
દાન માટે રોકડ રકમ તથા વસ્તુ સ્વીકાર્ય છે.
જેની રસીદ મેળવી લેવી.
લિ. રૂપાળી બા મંદિર, સંચાલકશ્રી

## ક્રાઈમ ન્યુઝ વિશેષ

# ધ્રાંગધ્રામાં યુવકને માર મારવાનો વિડીયો વાયરલ થતાં પોલીસે ત્રણને ઝડપ્યા



ધ્રાંગધ્રા :

ધ્રાંગધ્રા શહેરી વિસ્તારમાં ગાડી રાખવા બાબતે એક યુવકને ઢોર માર મારવાનો વિડીયો સોશ્યલ મિડીયામાં વાયરલ થયો હતો. આ બનાવમાં ભોગ બનનાર માનવભાઈ મૃણાલભાઈ મહેતાએ ધ્રાંગધ્રા સીટી પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે સીટીના ફૂટેજના આધારે ગત તા.૧૫ ઓકટો.ના રોજ ત્રણ શખ્સો ઝડપી લીધા છે. જેમાં પોલીસે નંદલાલાભાઈ શામજીભાઈ સોલંકી (રે.આંબેડકરનગર), સાજીદભાઈ નુરમહમદભાઈ મોવર (રે.હાઉસીંગ બોર્ડ, ધ્રાંગધ્રા) અને કિશનભાઈ જેરામભાઈ મકવાણા ને ગણતરીના કલાકોમાં ઝડપી લઈને પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી.

# જુના કિંમતી વાણસ ચોરીનો ભેદ એ-ડીવીઝન પોલીસે ઉકેલ્યો : એકની ધરપકડ



સુરેન્દ્રનગર :

સુરેન્દ્રનગર શહેરના વિઠ્ઠલપ્રેસ રોડ પર આવેલ શેરી નં.૨ જુના કિંમતી વાસનો ચોરી થઈ હતી. જે ચોરીની એ ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાતા પોલીસે ગણતરીના સમયમાં શખ્સને ચોરીના વાસણ સાથે ઝડપી રૂ.૪૦,૦૫૦ નો મુદ્દામાલ ઝડપી લીધો છે.

શહેરના વિઠ્ઠલપ્રેસ શેરી નં.૨ ના અંબિકા નિવાસ નામના મકાનમાંથી તાંબા, પીતળ, જર્મનના જુના વાસણોની ચોરી થયાનો બનાવ બન્યો હતો. ત્યારે ગત તા.૧૫-૧૦ ના રોજ પોલીસે બાતમીના આધારે તપાસ કરી રેલવેના પુલ નીચે પીલર પાછળ સંતાઈ વાસણો સાથે વિજય દેવીપુજક (રે.લીંબડી)ને ઝડપી પાડયો હતો. અને શખ્સની પુછપરછ માં તેને આ વાસણો વિઠ્ઠલપ્રેસ શેરી નં.૨ ના મકાનમાંથી ચોરી કર્યા હોવાની કબુલાત આપી હતી.



થાનગઢના નળખંભા ગામના રહેણાંક મકાનમાંથી ગેરકાયદેસર ઈંગ્લીશ દારુ નો જથ્થો પોલીસે બિનવારસી ઝડપી લીધો છે. આ બનાવમાં પોલીસે દારૂ ૧૩૩ બોટલ કિં.રૂ. રૂ.૯૧,૫૫૦/-નો મુદ્દામાલ સુરેન્દ્રનગર એલસીબી પોલીસે ઝડપી લીધો છે.

# સાયલા પોલીસે "તેરા તુજકો અર્પણ" અંતર્ગત વાંકાનેરથી ચોરાયેલ લોડર-ટ્રેક્ટર પરત કર્યુ




સાયલા :

સાયલા પોલીસ"તેરા તુજકો અર્પણ" કાર્યક્રમ અંતર્ગત વાંકાનેર(મોરબી)થી ચોરી થયેલ લોડર-ટ્રેક્ટર કિ.રૂ.૫.૫૦ લાખનું શોધી તેના મુળ માલીકને પરત કરવામાં આવ્યુ છે. આ બનાવમાં આજ રોજ સાયલા પોલીસના અમરકુમાર કનુભા ગઢવી અને જીતેન્દ્રસિંહ ભૂપતસિંહ સોલંકીને એક જાગૃત નાગરિક વૈભવભાઈ રાવલ (રહે.નવા સુદામડા) એ જણાવેલ કે તેમના ખેતર પાસે એક લોડર-ટ્રેક્ટર શંકાસ્પદ હાલતમાં પડેલ છે. આથી પોલીસ ત્યાં પહોચી, સદર વાહનનો કબજો મેળવી, આ લોડર-ટ્રેક્ટરના રજી.નં-GJ-03-CL-3668 પરથી પોકેટકોપ ની મદદથી આ વાહન માલિકનુ સરનામુ મેળવ્યુ હતુ. બાદમાં સાયલા પોલીસે ચતુરભાઈ કરશનભાઈ મકવાણા (રહે ગામ લાકડધાર તા.વાકાનેર) ની ખરાઈ કરીને લોડર-ટ્રેક્ટર પરત કરવામાં આવ્યુ છે. આ બનાવમાં ચતુરભાઈ કરશનભાઈ મકવાણા નું લોડર/ટ્રેક્ટર થોડા દિવસ અગાવ ચોરી થઈ ગયેલ હતુ અને આ અંગેની વાંકાનેર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરેલ હતી.

# લૂંટ, ધાડના ગુનામાં ફરાર ઝડપાયો



સુરેન્દ્રનગર :

સુરેન્દ્રનગર પેરોલ ફર્લો સ્કવોર્ડ દ્વારા એક વર્ષથી ફરાર આરોપી ઝડપી લેવામાં આવ્યો છે. ગત તા.૨૪-૧૦ ના રોજ પોલીસ ટીમના કોન્સ્ટેબલ શક્તિસિંહ જોરૂભાએ ટેકનીકલ સોર્સિસનો ઉપયોગ કરી બાતમીના આધારે શખ્સને ઝડપી લીધો છે. લખતર પોલીસ સ્ટેશનના લૂંટ, ધાડના ગુનામાં ફરાર શખ્સ કેલાસ ભેરૂલાલ સાવલીને વિઠ્ઠલાપરા ગામમાંથી ઝડપી લખતર પોલીસને સોંપ્યો હતો.

# પેરોલ ફર્લો સ્કવોર્ડે ફરાર આરોપીને ઝડપી લીધો



સુરેન્દ્રનગર :

દસાડાના પ્રોહીબિશનના ગુના બાદ નાસતા ફરતા આરોપીને પેરોલ ફર્લો પોલીસે ઝડપી લીધો છે. પેરોલ ફર્લો સ્કવોડ ના પોલીસ સબ ઈન્સ્પેકટર એન.એ.રાયમા તથા પેરોલ ફર્લો સ્કવોડની ટીમ દ્વારા એકશન પ્લાન બનાવી સુરેન્દ્રનગર જીલ્લા વિસ્તારમાં પેટ્રોલીંગ કરવામાં આવી રહ્યુ હતુ. તે દરમિયાન હ્યુમન સોર્સીસ તથા ટેકનીકલ સોર્સીસનો ઉપયોગ કરી ગત તા. તા.૧૮/૧૦ ના રોજ નાસતો ફરતો આરોપી અનિલ બાબુભાઈ બોરીયા (રહે-રામપરડા તા-મુળી)ને પાનવા કેનાલ દસાડા ખાતેથી ઝડપી લઈ દસાડા પોલીસને સોંપી દેતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# 'એગ્રીસ્ટેક' યોજના અંતર્ગત 'ફાર્મર રજીસ્ટ્રી' અભિગમ સાથે ખેડૂતોને મળશે ડીજીટલ ઓળખ

**પીએમ કિસાનના લાભાર્થીઓને તા. ૨૫.૧૧.૨૦૨૪ સુધીમાં અને તે સિવાય અન્ય ખેડૂતોએ તા. ૩૧.૦૩.૨૦૨૫ સુધીમાં આધાર કાર્ડ સાથે જરૂરી જમીન લીંક કરવાની રહેશે**

સુરેન્દ્રનગર :

કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા 'એગ્રીસ્ટેક' યોજના અંતર્ગત 'ફાર્મર રજીસ્ટ્રી' અભિગમ દ્વારા આધારકાર્ડ સાથે તમારી જમીનના સર્વે નંબરથી જમીન લીંક કરવામાં આવશે અને સરકારશ્રી તરફથી ૧૧ ડીજીટનો યુનિક આઈડી નંબર આપવામાં આવશે, જે ખેડૂત તરીકે ડિજિટલ ઓળખ હશે.

આ નંબર દ્વારા જમીનની વિગતો, પાકની વિગતો વગેરે ચકાસી શકાશે. તેમજ બજારભાવો પણ જાણી શકાશે. કિસાન ક્રેડીટ કાર્ડ અંતર્ગત ધિરાણમાં પણ સરળતા રહેશે. ખેતીવાડી/ બાગાયતી/પશુપાલન યોજનાઓની માહિતી પણ સરળતાથી મેળવી શકાશે અને ફોર્મ ભરવામાં સરળતા રહેશે. ANY ROR માં સુધારાની માહિતી અપડેટ થશે વગેરે જેવા કામોમાં ઉપયોગી થશે.

આ રજીસ્ટ્રી દ્વારા રાજ્ય સરકારની યોજનાઓ ભારત સરકારની યોજનાઓ સાથે લિંક હશે. જેમ કે, પીએમ કિસાન યોજના, આઇ ખેડુત, PMFBY, કિસાન ક્રેડીટ કાર્ડ વગેરે. આ યોજના દ્વારા સરકારને યોજનાઓનું આયોજન અને લાભાર્થીઓને ચકાસણી કરવામાં સરળતા રહેશે. કૃષિ પેદાશોની વેચાણ અને વ્યવસ્થા વિવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ, યોજનાઓની સલાહ સુચન અને જાણકારી મેળવવા વગેરેમાં ઉપયોગી થશે.

ફાર્મર રજીસ્ટ્રી વન ટાઈમ લાઈફ ટાઈમ એટલે જીવનમાં એક જ વખત કરવાનું રહેશે. તે વારંવાર કરવાનું રહેશે નહીં. નોંધણી વખતે ખેડૂતનાં આધારકાર્ડ, આધાર કાર્ડ સાથે લિંક મોબાઈલ નંબર અને ૭-૧૨ અને ૮અ નાં રેકર્ડની ચકાસણી કરી નોંધણી કરવાની રહેશે. પીએમ કિસાનના લાભાર્થીઓને તા. ૨૫.૧૧.૨૦૨૪ સુધીમાં અને એ સિવાય અન્ય ખેડૂતોએ તા. ૩૧.૦૩.૨૦૨૫ સુધીમાં ફાર્મર રજીસ્ટ્રી અંતર્ગત આધાર કાર્ડ સાથે જરૂરી જમીન લીંક કરવાની રહેશે. જે ગામની જમીન હોય તેઓએ તે ગામના વીસી પાસે જરૂરી વિગતો સાથે અથવા જો ખેડૂત જાતે પણ https://gifr.agristack.gov.in પોર્ટલ ઉપર નોંધણી કરી શકે છે. તેમ જિલ્લા ખેતીવાડી અધિકારી, સુરેન્દ્રનગરની યાદીમાં જણાવાયું છે.

# લીંબડીમાં ૬.૯૩ કરોડના કામોનું લોકાર્પણ અને ૧૨.૩૩ કરોડના કામોનુ ખાત મુહૂર્ત કરાયું



તસવીર : અશ્વિનસિંહ રાણા

લીંબડી :

લીંબડી નગરપાલિકા ના પટાંગણમાં વિકાસ સપ્તાહ ઉજવણી અંતર્ગત લોકાર્પણ અને ખાત મુહૂર્ત કાર્યક્રમ નુ કરવામાં આવ્યું હતું જેમા લીંબડી શહેરમાં વિવિધ વિસ્તારમાં ૬.૯૩ કરોડના કામોનુ લોકાર્પણ અને ૧૨.૩૩ કરોડ ના કામોનુ ખાત મુહૂર્ત કરાયું હતું. તેમજ લીંબડી નગરપાલિકા ના વધુ ૧૮.૫૪ કરોડ ના ૧ થી ૫૩ કામોનુ ઇ. લોકાર્પણ તથા ૧ થી ૪૦ કામોનુ ઈ ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે નાયબ કલેકટર કુલદીપ દેસાઈ, ગુજરાત ગૌણ સેવા પસંદગી સમિતિના પુર્વ ચેરમેન પ્રકાશભાઈ સોની, હસ્ત કલા નિગમના પુર્વ ચેરમેન શંકરભાઈ દલવાડી, નગરપાલિકા પ્રમુખ રઘુભાઈ પટેલ, શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ શેઠ, દલસુખભાઈ ચૌહાણ, વગેરે ઉપસ્થિત રહ્યા હતા.



સુરેન્દ્રનગર મહાત્મા ગાંધી હોસ્પિટલના દવાના રૂમમાંથી એકસપાઈરી ડેટનો મોટી માત્રામાં દવાનો જથ્થો ગત તા.૧૬-૧૦ ના રોજ મળી આવતા અનેક તર્કવિર્તકો જોવા મળ્યા હતા. મોટી માત્રામાં શરદી, ઉધરસ, તાવ સહિતની દવાઓનો જથ્થો મળી આવવા સાથે અનેક સવાલોનો દૌર જોવા મળવા સાથે તંત્રમાં પણ દોડધામ મચી જવા પામી હતી.

# સુરેન્દ્રનગરમાં ગાયોના શંકાસ્પદ મોત : પશુ દવાખાનાની ક્ષતી મામલે આગેવાનોએ આપ્યુ આવેદન



સુરેન્દ્રનગર :

સુરેન્દ્રનગરમાં ગત તા.૧૭-૧૦ ના રોજ શહેરના જુદા-જુદા વિસ્તારોમાં ૧૦ થી વધુ ગાયના શંકાસ્પદ મોત થતાં જીવા દયા પ્રેમીઓની લાગણી દુભાઈ છે. તેમજ સુરેન્દ્રનગરમાં કરોડાના ખર્ચે પશુ દવાખાનાઓમાં ડોકટર અને સ્ટાફની અછત જોવા મળી રહી છે. જે બાબતોને ધ્યાને રાખી સુરેન્દ્રનગર કલેકટર કચેરીએ અને નગરપાલિકાએ આગેવાનો દ્વારા આવેદન આપવામાં આવ્યુ હતુ. જેમાં રાજપૂત કરણી સેના, હરશકિત ફાઉન્ડેશન તેમજ યુવા બ્રહમ સંગઠનના આગેવાનોની આગેવાનીમાં મા લોકોએ કલેકટર કચેરીએ આવેદન આપ્યુ છે.

જેમાં જણાવવામાં આવ્યુ છે કે ગત તારીખ : ૧૭/૧૦ નાં રોજ દાળમીલ, રઘુવીર નગર અને કૃષ્ણનગર વિસ્તારમાં કોઈ કારણોસર ૧૩ ગાયો મૃત્યુ પામેલ છે. જેનાથી સર્વે સનાતની હિન્દુ પ્રજાજનો અને ગૌ માતા પ્રેમીઓમાં દુ:ખની લાગણી ફેલાયલ છે.

આ બાબતે ઝીણવટ પૂર્વક સાચી દિશામાં ગાયો ના મૃત્યુ થવાની તપાસ થાય તેવા આદેશાત્મક હુકમ રજુઆતમાં જણાવ્યુ હતુ.

વધુમાં જણાવવામાં આવ્યુ હતુ કે, સુરેન્દ્રનગર ખાતે માલ-ઢોર અને પશુધનને તાત્કાલિક સારવાર અંગેના કોઈ જ આધુનિક સાધનો નથી અને તેનો પુરેપુરા અભાવ છે આવા સંજોગોમાં જો પશુઓને ઈમરજન્સી સારવાર મળી શકે તો આવો અનિચ્છનીય બનાવ બને નહી જેથી ભવિષ્યમાં ફરી આવો કોઈ બનાવ ન બનતા અટકાવી શકાય તેમ હોવાની રજૂઆત કરવામાં આવી છે.




ચોટીલા ધામ જતા પદયાત્રીઓને સુરેન્દ્રનગર આરટીઓ દ્વારા રાત્રિ દરમ્યાન માર્ગ સલામતી જળવાય તે હેતુથી રેડિયમ લગાવવામા આવ્યા તેમજ સેફટી જેકેટ વિતરણ કરવામાં આવ્યા હતા.

# વિશેષ સમાચાર

વિશેષ અહેવાલ : ભાવિકા લીંબાસીયા



સુરેન્દ્રનગર :

કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા મહિલાઓ માટે અનેક પ્રકારની કલ્યાણકારી યોજનાઓ અમલમાં મુકવામાં આવી છે, આ યોજનાઓ હેઠળ મહિલાઓને તમામ પ્રકારની સુવિધાઓ મળે છે. ગ્રામ્ય વિસ્તારની ઉદ્યમી મહિલાઓને સંગઠિત કરવા, તેમને તાલીમબદ્ધ કરવા અને આજીવિકા સાથે જોડી, તેમને સ્વાવલંબી અને સશક્ત કરવાનો તત્કાલીન મુખ્યમંત્રી તથા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનો ધ્યેય હતો. આ ધ્યેયને સાર્થક કરવાના ઉદ્દેશ્ય સાથે કેન્દ્ર સરકાર દ્વારા “લખપતિ દીદી યોજના” ૨૦૨૩ માં શરૂ કરવામાં આવી હતી. આ યોજના હેઠળ મહિલાઓને રોજગારલક્ષી તાલીમ અને સ્વરોજગાર માટે વગર વ્યાજે પાંચ લાખ રૂપિયાની લોન આપવામાં આવે છે.

## લખપતિ દીદી એટલે કોણ?

"લખપતિ દીદી" એટલે એવી મહિલા કે જેની વાર્ષિક આવક ઓછામાં ઓછી રૂ.૧,૦૦,૦૦૦'- (દર મહિને આશરે રૂ૮,૩૦૦/-) હોય અને પોતાની જરૂરિયાતો માટે પરિવારના અન્ય સભ્યો પર નિર્ભર ન હોય. આ યોજના માત્ર આર્થિક સ્વતંત્રતા પર જ નહીં, પરંતુ સમાજ અને રાષ્ટ્રના નિર્માણમાં મહિલાઓની સક્રિય ભાગીદારી પર ભાર મૂકે છે.

## લખપતિ દીદી યોજનાના ફાયદા

- મહિલાઓને આર્થિક રીતે સ્વતંત્ર બનાવીને તેમના જીવનધોરણમાં સુધારો કરવો.
- નવા કૌશલ્યો શીખીને મહિલાઓ રોજગારીની વધુ તકો મેળવી શકે છે.
- સ્વરોજગાર શરૂ કરવા માંગતી મહિલાઓને નાણાકીય અને તાલીમ સહાય મળે છે.
- મહિલાઓને સમાજના વિકાસમાં સક્રિય ભૂમિકા ભજવવા માટે પ્રોત્સાહિત કરવા.

## લખપતિ દીદી યોજનાના ઘટકો

૧) લોનમાં વ્યાજ સહાયઃ યોગ્યતા ધરાવતી મહિલાઓને રૂ.૦૫ લાખ સુધીની લોન વગર વ્યાજે આપવામાં આવે છે. આ લોનનો ઉપયોગ સ્વરોજગાર શરૂ કરવા, વ્યવસાયને વિસ્તારવા અથવા કૌશલ્ય વિકાસ માટે કરી શકાય છે.

૨) રોજગારલક્ષી તાલીમઃ મહિલાઓને રોજગારીની તકો વધારવા માટે વિવિધ ક્ષેત્રોમાં મફત તાલીમ આપવામાં આવે છે.

## તાલીમ કાર્યક્રમો

આ યોજના હેઠળ મહિલાઓને વિવિધ ક્ષેત્રોમાં તાલીમ આપવામાં આવે છે, જેમ કે,

કૃષિલક્ષી તાલીમઃ ડ્રોન ટેક્નોલોજી, આધુનિક ખેતી પદ્ધતિઓ વગેરે.

પ્લમ્બિંગ તાલીમ : પાઈપલાઈન ફિટિંગ, નળ રિપેરિંગ વગેરે.

LED બલ્બ નિર્માણઃ LED બલ્બ બનાવવા અને રિપેર કરવાની તાલીમ

## કોણ અરજી કરી શકે?

૧૮ વર્ષથી ૫૦ વર્ષની વચ્ચેની કોઈપણ મહિલા લખપતિ દીદી યોજના માટે અરજી કરી શકે છે. આ માટે, મહિલાઓએ નજીકના સ્વ-સહાય જૂથમાં જોડાવું જરૂરી છે, જ્યાં તેમણે તમામ જરૂરી ડોક્યુમેન્ટ અને તેમની વ્યવસાય યોજના સબમિટ કરવાની હોય છે. ત્યારબાદ લોન મંજૂર થાય છે. અરજી માટે આધાર કાર્ડ, પાન કાર્ડ, બેંક પાસબુક અને આવકનો દાખલો આપવાનો રહે છે. હવે જો તમે પણ બિઝનેસ શરૂ કરવાનું વિચારી રહ્યા હોય તો, લખપતિ દીદી યોજનાથી તમારા સપના પૂરા થઈ શકશે અને તમે ખરેખર એક દિવસ કરોડપતિ બની શકશો.

# સુરેન્દ્રનગર જિલ્લામાં ૨૪,૫૩૩ જેટલા “લખપતિ દીદી”

## મહિલાઓને રોજગારલક્ષી તાલીમ અને સ્વરોજગાર માટે વગર વ્યાજે આપવામાં આવે છે પાંચ લાખ રૂપિયાની લોન



સરકારશ્રીનો હેતુ ૨૦૨૫ સુધીમાં ૩ કરોડ મહિલાઓને આર્થિક રીતે સધ્ધર બનાવવાનો છે.

લખપતિ દીદી યોજના સમગ્ર દેશમાં મહિલાઓને સશક્ત બનાવવાનું એક મુખ્ય માધ્યમ બની રહી છે. સ્વ-સહાય જૂથો સાથે સંકળાયેલી માતાઓ, બહેનો અને દીકરીઓ “વિકસિત ભારત”ના નિર્માણમાં એક મજબૂત કડી છે. હાલ સમગ્ર દેશમાં ૨,૭૫,૫૨,૩૨૭ જેટલા લખપતિ દીદી આવેલા છે. જેમાં ગુજરાતનાં ૯,૪૨,૧૪૪ લખપતિ દીદીનો સમાવેશ થાય છે.

સુરેન્દ્રનગર જિલ્લાની વાત કરીએ તો, સુરેન્દ્રનગર જિલ્લામાં કુલ ૨૪,૫૩૩ લખપતિ દીદી છે. જેમાં ચોટીલા તાલુકામાં ૪૭૩૮, ચુડામાં ૧૧૬૩, દસાડા – પાટડીમાં ૧૯૮૦, ધાંગધ્રા તાલુકામાં ૨૦૯૭, લખતર તાલુકામાં ૧૫૨૪, લીંબડી તાલુકામાં ૨૩૮૭, મુળી તાલુકામાં ૨૩૦૪, સાયલા તાલુકામાં ૩૮૭૩, થાનગઢ તાલુકામાં ૧૬૧૨, વઢવાણ તાલુકામાં ૨૮૫૫ જેટલા લખપતિ દીદીનો સમાવેશ થાય છે.

અત્રે નોંધનીય છે કે, સરકાર દ્વારા મહિલાઓની આર્થિક સ્થિતિ સુધારવા અને તેમને સક્ષમ બનાવવા માટે આ યોજના ચલાવવામાં આવી રહી છે, દર વર્ષે લાખો મહિલાઓ આ યોજનાનો લાભ લઈ પોતાના સપનાઓને પાંખો આપી સફળતાની ઉડાન ભરી રહી છે અને અત્યાર સુધીમાં કરોડો મહિલાઓ લખપતિ દીદી યોજનાનો લાભ લઈ ચુકી છે. આટલું જ નહીં, લખપતિ દીદી યોજના હેઠળ મહિલાઓને બિઝનેસ શરૂ કર્યા બાદ માર્કેટમાં કેવી રીતે પ્રવેશ કરવો તે વિશે પણ સચોટ માર્ગદર્શન અને તાલીમ આપવામાં આવે છે.

# જોરાવરનગરમાં સર્વરોગ મેડિકલ નિદાન કેમ્પ યોજાયો




સુરેન્દ્રનગર :

જોરાવનગર સ્થાનકવાસી જૈન સંઘની વાડીમા સર્વરોગ મેડિકલ નિદાન કેમ્પ યોજવામાં આવ્યો હતો.

સુરેન્દ્રનગર જિલ્લામાં વસતા અને જિલ્લા બહારના દર્દીઓ માટે સર્વ રોગ નિદાન માટે યોજાયો નિઃશુલ્ક મેડિકલ નિદાન કેમ્પ યોજાયો હતો. સવા આયુષ હોસ્પિટલના વિવિધ વિભાગના ડોક્ટરોએ દર્દીઓને તપાસીને નિદાન કરવામાં આવ્યું હતુ.

જેમાં ખાસ કરીને તાવ, બીપી, કોલેસ્ટ્રોલ, હૃદય રોગ, સ્ત્રી રોગ, લખો, મગજના રોગો, હરસ મસા, પેટ તથા આંતરડાના રોગો, બાળ રોગ આ ઉપરાંત કાન, નાક, ગળા રોગો સાથે અન્ય રોગોનું પણ નિદાન આવ્યું હતું. આ યોજાયેલ મેડિકલ કેમ્પ સંયુક્ત નૈતિક માનવ અધિકાર સમિતિ સુરેન્દ્રનગર ફેક્ટ જૈનિસમ ગ્રુપ તથા સવા આયુષ હોસ્પિટલ જોરાવરનગર સુરેન્દ્રનગર ના સહયોગથી યોજાયો યોજાયો હતો.



બોટાદ જિલ્લાના ગઢડા તાલુકાનાં જનડા ગામે વિચરતી અને વિમુક્ત જાતિઓના દેવીપૂજક પરિવારો વસવાટ કરે છે. તેઓને એકાએક ગ્રામ પંચાયત દ્વારા દબાણ હટાવવાની કામગીરી કરવા અંગે નોટીસ આપતા પરિવારોમાં રોષ ફેલાયો છે. દેવીપૂજક પરિવારોના અંદાજિત ૫૦ થી ૬૦ પરિવારો છાપરા તેમજ કાચા મકાનો બનાવીને રહે છે. આ પરિવારો વર્ષોથી જનડામાં રહે છે, અને છૂટક મજુરી કરીને પરિવારોનું ગુજરાન ચલાવે છે. આ દેવીપૂજક પરિવારોનાં જણાવ્યા મુજબ જનડા ગામમાં પણ અમૂક લોકોએ બિન અધિકૃત રીતે દબાણ કરેલ છે. તેમ છતાં અવાર નવાર દેવીપૂજક પરિવારોને જ નોટીસ આપવામા આવે છે. તેથી વિચરતા સમુદાય સમર્થન મંચ - સુરેન્દ્રનગરનાં હર્ષદ કે. વ્યાસે આ વિચરતી અને વિમુક્ત જાતિનાં પરિવારોને રહેણાંક અર્થે પ્લૉટ મળે તે માટે બોટાદ ક્લેક્ટર ને લેખિત રજુઆત કરી છે.

# સુરેન્દ્રનગર જિલ્લામાં સૌથી વધુ ૨,૭૦૫ ઘુડખર નોંધાયા

ગુજરાતમાં જોવા મળતા આ દુર્લભ પ્રાણીની વસ્તી છેલ્લા ૫ વર્ષમાં અંદાજે ૨૬ ટકાનો વધારો જોવા મળ્યો છે. વન અને પર્યાવરણ મંત્રી મુળુભાઈ બેરાએ જણાવ્યું કે, અત્યંત દુર્લભ ગણાતા ઘુડખરનો છેલ્લાં ૫ વર્ષમાં અંદાજે ૨૬ ટકા જેટલો વધારો થયો છે. ભારતમાં એક માત્ર ગુજરાતમાં જોવા મળતા ઘુડખરની વસ્તી ૭,૬૭૨ને પાર પહોંચી છે.

ભારતમાં માત્ર ગુજરાતમાં જોવા મળતા ઘુડખર રાજ્યનું ગૌરવ છે, તેમ જણાવી વન અને પર્યાવરણ મંત્રી મુળુભાઈ બેરાએ કહ્યું હતું કે, ભૂતકાળમાં ઘુડખર ઉત્તર - પશ્ચિમ ભારત, પાકિસ્તાનથી માંડીને મધ્ય-એશિયાના સૂકા વિસ્તાર સુધી વિહરતા જોવા મળતા હતા. જોકે, આ ઘુડખર હાલ ભારતમાં એક માત્ર ગુજરાતના કચ્છના નાના-મોટા રણના વિસ્તારોમાં જ જોવા મળે છે. ગુજરાત સરકારના અવિરત પ્રયાસ તેમજ વિવિધ જાગૃતતા અભિયાનોના પરિણામે ૭,૬૭૨ ઘુડખરની વસ્તી નોંધાઈ છે, એટલે કે અંદાજે ૨૬.૧૪ ટકાનો વધારો નોંધાયો છે. ગુજરાત સહિત ભારતભરમાં દર વર્ષે તા. ૨ થી ૮ ઓક્ટોબર દરમિયાન 'વન્ય જીવ સંરક્ષણ સપ્તાહ' ઉજવવામાં આવે છે ત્યારે, આ સમગ્ર રાજ્ય માટે પ્રાણી સંરક્ષણ ક્ષેત્રે વિશેષ સિદ્ધિ છે.

મંત્રી મુળુભાઈએ કહ્યું હતુ કે, દર પાંચ વર્ષે ઘુડખરની વસ્તી ગણતરી કરવામાં આવે છે. આ વર્ષે પણ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ રાજયના વન અને પર્યાવરણ વિભાગ દ્વારા ૧૦મી ઘુડખર વસ્તી ગણતરી કરવામાં આવી હતી, જેમાં રાજ્યમાં ઘુડખરની કુલ વસ્તી અંદાજે ૭,૬૭૨ નોંધાઈ છે. જ્યારે, છેલ્લી ગણતરી મુજબ ગુજરાતમાં ૬,૦૮૨ ઘુડખર હતા. ગુજરાતના ઘુડખર વિશ્વમાં "ખુર" તરીકે પણ ઓળખાય છે.

ઘુડખર ગણતરીની વિગતો આપતા વન મંત્રી મુળુભાઈએ કહ્યું હતું કે, ઘુડખર મુખ્યત્વે રાજ્યના ૬ જિલ્લાઓમાં જોવા મળે છે. ૧૦મી ઘુડખર વસ્તી ગણતરી પ્રમાણે ૨,૭૦૫ ઘુડખર



સૌથી વધુ સુરેન્દ્રનગર જિલ્લામાં વસવાટ કરે છે. જ્યારે ૧,૯૯૩ ઘુડખર કચ્છ જિલ્લામાં, ૧,૬૧૫ પાટણમાં, ૭૧૦ બનાસકાંઠામાં, ૬૪૨ મોરબીમાં તેમજ ૦૭ ઘુડખર અમદાવાદ જિલ્લામાં જોવા મળે છે. આ ઉપરાંત વન રીઝિયન પ્રમાણે સૌથી વધુ ૩,૨૩૪ ઘુડખર ધાંગધ્રામાં, ૨૩૨૫ રાધનપુર અને ૨૧૧૩ ભચાઉ રીઝિયનમાં વસવાટ કરે છે. આ વન અને અભયારણ્ય વિસ્તારમાં ૨૫૬૯ માદા ઘુડખર, ૧૧૧૪ નર ઘુડખર, ૫૮૪ બચ્ચાં અને ૨૨૦૬ વણ ઓળખાયેલ જ્યારે, રેવન્યુ વિસ્તારમાં ૫૫૮ માદા ઘુડખર, ૧૯૦ નર ઘુડખર, ૧૬૮ બચ્ચાં તેમજ ૨૮૩ વણ ઓળખાયેલા ઘુડખર છે. આમ બે વિસ્તારના મળીને રાજ્યમાં કુલ ૭૬૭૨ ઘુડખર નોંધાયા છે, તેમ મંત્રીએ ઉમેર્યું હતું.

વન અને પર્યાવરણ રાજ્ય મંત્રી મુકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, ઘુડખર વસ્તી ગણતરી અંદાજે WAPE- ૨૦૨૪માં લગભગ ૧૫,૫૧૦ ચો. કિ.મી. વિસ્તારમાં ડાયરેક્ટ કાઉન્ટ મેથડથી કરવામાં આવી હતી. વર્ષ ૨૦૨૪માં ઘુડખરની સાથે સાથે અન્ય વન પ્રાણીઓની ગણતરી પણ કરવામાં આવી હતી. આ ગણતરીમાં નીલગાય, ચિંકારા, કાળિયાર, જંગલી ભૂંડ, ભારતીય શિયાળ, રણ લોંકડી જેવા વન્ય જીવોનો સમાવેશ થાય છે. જેમાં સૌથી વધુ ૨૭૩૪ નીલગાય, ૯૧૫ જંગલી ભૂંડ, ૨૨૨ ભારતીય સસલું, ૨૧૪ ચિંકારા તેમજ ૧૫૩ ભારતીય શિયાળ નોંધાયા છે.

# નિર્ધારના સ્થાપક રાજેશ રાવલને લીંબડી ખાતે બ્રહ્મ અવોર્ડ એનાયત




સુરેન્દ્રનગર :

સુરેન્દ્રનગર વિધવા મહિલાઓ ના ઉત્કર્ષ માટે છેલ્લા ૨૫ વર્ષ થી વિવિધ સેવા પ્રકલ્પો હાથ ધરતા નિર્ધાર સંસ્થાના સ્થાપક પ્રજ્ઞાચક્ષુ સમાજ સેવક રાજેશ રાવલને લીંબડી તાલુકા સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા બ્રહ્મ એવોર્ડ ૨૦૨૪ અને સન્માન પત્ર, તેમજ શાલ, ફુલહાર સાથે સંસ્થા ના હોદેદારો ના વરદ હસ્તે એનાયત કરવામાં આવતા હર્ષની લાગણી જોવા મળી છે. આ પ્રસંગે લીંબડીના જાણીતા બ્રહ્મ અગ્રણી ઉદયભાઈ કે.દવે,કે.સી.દવે, યોગેશ પંડ્યા, જીજ્ઞાબેન પંડ્યા, ભરતભાઈ કે. દવે,દેવવ્રત રાવલ, સૂર્યાબેન દવે વિગેરે ઉપસ્થિત રહ્યા હતા. અને રાજેશભાઈ રાવલની નિશ્વાર્થ સેવાકીય પ્રવૃત્તિ માટે આ અવોર્ડ પ્રાપ્ત થતા શુભેચ્છા આપી હતી.

## રસપ્રદ વાનગી

# શિયાળાના શાક : ભરપૂર પોષક તત્વો

શિયાળો શક્તિ સંચયની ઋતુ ગણાય છે. શિયાળામાં લીલાંછમ શાકભાજી આરોગ્યવર્ધક હોવાની સાથે તેમાં અનેક ગુણ સમાયેલા છે. તે શરીર માટે ગુણકારી ન હોય તેવા તત્ત્વો બહાર ફેંકી દે છે. એટલે શિયાળામાં મળતાં લીલા શાકભાજીનું ભરપૂર માત્રામાં સેવન કરવું જોઈએ. શિયાળામાં સૌથી વધુ ખવાતું ઊંધિયું ન્યુટ્રિશનની વૃષ્ટિએ ખૂબ ઊંચું માનવામાં આવે છે. કેમકે એની અંદર બિયાંવાળી શાકભાજી, રીંગણાં, ફ્લાવર, કંદ, લીલું લસણ વગેરે નાખવામાં આવે છે. જેમાં બધાં જ શિયાળાના શાક છે. એમાં ભરપૂર પોષક તત્વો હોય છે. પણ આજના આધુનિક સમયમાં ઊંધિયાની રીતને બદલવી જરૂરી છે. બજારમાં મળતું ઊંધિયું ખાવાને બદલે ઘરે જ બનાવવું જોઈએ. એમાં જેટલી માત્રામાં તેલ નાખવામાં આવે છે તે ઘટાડવું જોઈએ. અને મેથીનાં જે મૂઠિયાં ઊંધિયામાં નાખવામાં આવે છે એને તળવાને બદલે બેક કરીને નાખવામાં આવે તો વધુ સારું. ઊંધિયામાં ઘણીબધી દાણાવાળી શાકભાજી નાખવામાં આવતી હોવાથી એ થોડું પચવામાં ભારે ગણાય છે. હંમેશાં ઊંધિયું ઓછી માત્રામાં ખાવું અને બપોરે જ ખાવાનો આગ્રહ રાખવો જોઈએ. શિયાળામાં પોષણયુક્ત ખોરાક લેવાથી રોગપ્રતિકારક શક્તિ વધે છે. આ ઋતુમાં શરીરની કેલેરીની જરૂરિયાત વધી જાય છે. એટલે ભારે ભોજન ખાવાથી પણ વજન વધતું નથી. વિવિધ ભાજી, ફળો અને શાકમાંથી કૅલ્શિયમ, પ્રોટીન, આયર્ન વગેરે મળી રહે છે. શાકભાજીના રાજા ગણાતા રીંગણાંની ઋતુ એટલે શિયાળો. રીંગણાં લો-કેલરી ગણાય છે, જેમાં ભરપૂર માત્રામાં ડાયટરી ફાઈબર અને સૉલ્યુબલ ફાઈબર રહેલાં છે. આ ઉપરાંત એ પ્રોટીન, સોડિયમ, પોટૅશિયમ, મૅગ્નેશિયમ, આયર્ન, વિટામિન સી, વિટામિન બી૯ નું સારું પ્રમાણ ધરાવે છે. રીંગણાં ખરાબ કૉલેસ્ટરોલને કાબૂમાં રાખવામાં મદદરૂપ છે. રીંગણાંની છાલમાં એવાં તત્વો રહેલાં છે જે કૅન્સર અને મગજના રોગો સામે લડે છે. જે રીતે ઉનાળામાં ફળોનો રાજા કેરી છે એજ રીતે શિયાળાના રંગબેરંગી શાકભાજીનો રાજા રીંગણ છે. આ રીંગણને ઘણા લોકો હોંશે હોંશે સ્વીકારે છે. પણ બાળકો અને યુવાનોને ઓછા પસંદ હોવાથી તેઓ રીંગણના ફાયદાથી વંચિત રહી ન જાય અને ખબર પણ ના પડે કે તેમણે રીંગણની વાનગી ખાધી છે તેવી વાનગીઓ પણ આપી છે. શિયાળા ની વિવિધ સંકલિત કરેલ આ વાનગી ઓનો સ્વાદ સૌને જરૂર ગમશે.

### રીંગણ-પાલકનું શાક

સામગ્રીઃ ૧૦ નાનાં રીંગણ લાંબા ચીરામાં કાપેલાં, ૩૦૦ ગ્રામ પાલક ઝીણી સમારેલી, એક ઈંચનો આદુંનો ટુકડો છીણેલો, એક ચમચી જીરું, સાતથી આઠ મીઠા લીમડાનાં પાન ઝીણાં સમારેલાં, એક ચમચી ધાણાનો પાઉડર, પા ચમચી હિંગ, મીઠું અને લાલ મરચું, તળવા માટે તેલ.

રીત : એક પૅનમાં એક ચમચી તેલ ગરમ કરો. ત્યાર બાદ એમાં સમારેલી પાલક અને મીઠું ઉમેરીને પાલક સૉફ્ટ થાય ત્યાં સુધી ચડવા દો. ત્યાર બાદ ગૅસ પરથી ઉતારીને ઠંડી કરો. હવે બીજી એક પૅનમાં એક ચમચો તેલ ગરમ કરો. એમાં જીરું અને મીઠો લીમડો ઉમેરો. ત્યાર બાદ રીંગણના ટુકડા ઉમેરીને મીઠું ભભરાવો અને સાંતળો. હવે ઢાંકીને રીંગણને વરાળે ચડવા દો. ચડી જાય એટલે હિંગ, ધાણાનો પાઉડર અને લાલ મરચું ઉમેરીને બરાબર મિક્સ કરો. ત્યાર બાદ સાંતળેલી પાલક ઉમેરીને બરાબર મિક્સ કરો. કોથમીર ભભરાવીને એને રોટલી સાથે સર્વ કરો.

### રીંગણના પરાઠા

સામગ્રીઃ ૨૫૦ ગ્રામ રીંગણ, ૨ ચમચા તેલ, ૧ ચમચી રાય, અડધી ચમચી જીરું, અડધી ચમચી હળદર, ૨ ચમચી લાલ મરચું, સ્વાદ પ્રમાણે મીઠું, ૧ ચમચી ગરમ મસાલો, ૧ ટામેટું, ૧ ચમચી અધકચરા કરેલા આખા ધાણા, કોથમરી

રીતઃ સૌપ્રથમ લાંબા (અથવા ભુટ્ટા) રીંગણ લઈ તેની છાલ ઉતારવી. છાલ ઉતારી રીંગણને ઝીણા સમારવા. એક પેનમાં ૨ ચમચા તેલ લઈ રાઈ અને જીરું નાખવા. રાઈ તતડે એટલે રીંગણ વધારવા. રીંગણને ધીમા તાપે વરાળે ચડવા દેવા. રીંગણ ચડી જાય તેની પાંચ મિનિટ પહેલા તેમાં હળદર, મરચું, ધાણાજીરું, મીઠું અધકચરા ધાણા નાખવા. એક ઝીણું સમારેલું ટામેટું, કોથમરી અને ગરમ મસાલો નાખી ગેસ બંધ કરી દેવો. શાકને ઠંડુ થવા દેવું. શાક ઠંડુ થયા પછી તેમાં જોઈતા પ્રમાણમાં ઘઉંનો લોટ, ૧ ચમચી દહીં અને થોડું મીઠું નાખી શાકથી જ લોટ બાંધવો. નાના પરાઠા વણી તવીમાં તેલથી શેકવા. ગરમા ગરમ પરાઠા દહીં સાથે ખાવાના ગમશે.

RNI No.GUJGUJ/2015/60109 || Published to post at R.M.S. Surendranagar Published on thursday, posting every Friday- No.G/SEN/369/16-18

## આરોગ્ય વિષયક

# ખંજવાળના કારણો....



દિવસે ખૂબ ગરમી અને રાત્રે ઠંડી લાગે તો માંદા પડવાની શક્યતા વધી જાય છે. વાતાવરણમાંથી જ્યારે ભેજ ઓછો ત્યારે ચામડી સૂકાય છે અને ખંજવાળ આવે છે.

ખંજવાળના અનેક કારણો હોય છે. એક અભ્યાસ પ્રમાણે એકઝીમા, સ્કેબિઝ તેમજ સૂકી ચામડીને કારણે ખંજવાળ આવે છે. વળી કિટકનો ડંખ, દાઝેલી ચામડી અને પરોપજીવીઓ પણ ખંજવાળ ઉત્પન્ન કરે છે.

કિડની, લિવરના રોગો, થાઈરોઈડ, ડાયાબિટીસ વગેરે માંદગી દરમ્યાન પણ ખંજવાળ આવે છે. તનાવ, નર્વસ સિસ્ટમના પ્રોબ્લેમ પણ ખંજવાળ ઉત્પન્ન કરે છે.

ખંજવાળની સારવારમાં પહેલાં તો તમારે તેનું કારણ દૂર કરવું અને ડોકટરની સલાહ લેવી જોઈએ.

ચામડીના રોગ માટે તમે ડોકટરને મળવા જાવ ત્યારે ખાસ પોઈન્ટની નોંધ કરી લેજો. શું પુછવાનું છે એ પણ નોંધી લેજો.

ભાદરવામાં આપણને અનેક લોકો માથુ ખંજવાળતા, હાથ-પગ, કમર કે જાંઘ ખંજવાળતા જોવા મળશે. આ ખંજવાળ મીઠી હોવાથી કોઈ પ્રતિબંધ રહેતો નથી. ખંજવાળ એ કોઈ જાનલેવા રોગ નથી. આહાર અને સ્વચ્છતાની યોગ્ય ગોઠવણ અને નિયમિત દવાના ઉપયોગથી ખંજવાળ મટી શકે છે.

નિષ્ણાતોએ સૂચવેલા કેટલાંક ઉપાયો ધ્યાનથી વાંચી લઈ નોંધી લેજો. જાંઘની ખંજવાળ માટે આદુને ગરમ પાણીમાં ઊકાળી પીવું. તેમાં ૨૬ જેટલા ફૂગનાશક (એન્ટીફન્ગલ) સંયોજનો છે.

બે અઠવાડિયા માટે ટી ટ્રી ઓઈલ દિવસમાં ત્રણવાર લગાશે. હલકાં કોટન વસ્ત્રો પહેરો. ગુદાદ્વારની ખંજવાળ માટે ટબમાં બાયકાર્બોનેટ ઓફ સોડા ગરમ પાણીમાં મેળવી ૧૫ મિનિટ બેસો. મોટા ટબને બદલે તમે ''સિટ્ઝ બાથ'' પણ વાપરી શકો. આ માટે ડૉક્ટરની સલાહ અનિવાર્ય છે. ડૉક્ટર ક્રીમ પણ આપશે.

સ્કીન રેશ માટે પાણીમાં ઓટમીલ નાંખી સ્નાન કરવું. કેટલાંક ઘરગથ્થુ ઉપાયોથી પણ ખંજવાળમાં રાહત મેળવી શકાય છે. સૂકી ચામડી માટે એલોવેરા અને તલનું તેલ ઉપયોગમાં લો.

સ્નાન કરતી વખતે પાણીમાં સેન્ડલવુડ એસેન્શ્યલ ઓઈલના ૧૦-૧૨ ટીપાં નાંખો. લેવેન્ડર ઓઈલ વાપરો તો તેનાથી ડિપ્રેશનમાં પણ રાહત મળશે.

તમારે આહારમાં મીઠા ફળોને પ્રાધાન્ય આપવું. પપૈયા, કેળાં, તડબૂચ લો. ફળ અને શાકભાજી દિવસમાં ૮-૧૦ વખત ખાઓ. નાળીયેરનું કોપરૂ પણ ગોળ સાથે ખાવ. મીઠુ (સોલ્ટ) ઓછું કરો કે બંધ કરો. ઓમેગા કેપ્સ્યુલ લો.

નિષ્ણાત ડૉકટર સાથે ચર્ચા કરી સ્કીન ઈચનું કારણ શોધી તે કારણ દૂર કરો. આ રોગમાં નિદાન ખૂબ જરૂરી છે કારણ કે એલર્જી, ડ્રાય સ્કિન કે ફન્ગસમાંથી તમને કોણ હેરાન કરે છે એ જાણવું જરૂરી છે.

ડૉકટરની સલાહ પ્રમાણે સ્કીન સારી થયા પછી પણ મલમ અમુક દિવસો સુધી ચાલુ રાખવાના રહે છે તે જાણી લેજો.

# કબજિયાત દૂર કરવાના કેટલાંક ઉપાયો

ખોરાક જ્યારે પેટમાં જાય ત્યારે હોજરીથી શરૂ કરી મળદ્વાર સુધીની માંસપેશીઓમાં એક પ્રકારના તાલબધ્ધ સંકોચનની ક્રિયા થાય છે. જેને આકુંચન લહરી કહેવાય. જેનાં કારણે પાચનક્રિયાના ભાગરૂપે ખોરાક નાના આંતરડામાં જાય. સાથે-સાથે મોટાં આંતરડામાં પડયો રહેલો મળ કે કચરો પણ સરકીને નીચે ઊતરે. આ ક્રિયાનું સંવેદન જ્ઞાનતંતુ બરાબર રીતે ન થાય તો, પેટ પૂરતું સાફ ન આવે. મળ પડયો રહી, સૂકાઈને અટકી રહે. આ સ્થિતિ એટલે કબજિયાત.

આજના ભાગદોડ ભર્યા સમયમાં રોજ એક વખત સવારે નિશ્ચિત સમયે પેટ સાફ થવું જ જોઈએ એવા તનાવમાં નુકસાન કરે એવી રેચક દવાઓના બંધાણી થઈ જતાં માણસોની સંખ્યા ઘણી મોટી છે. વાસ્તવમાં પેટની સફાઈનો આધાર - (૧) કેટલી માત્રામાં ખોરાક લેવાય છે, (૨) ખોરાકમાં રહેલાં રેષા અને પાણીનું પ્રમાણ અને (૩) પાચનક્રિયા પર આધાર રાખે છે. ચાર ટંક ભોજન લેનારને દિવસમાં બે-ત્રણ વખત, બે ટંક ભોજન લેનારને દિવસમાં એક વખત અને ખૂબ ઓછું ખાનાર, ઉપવાસ કરનાર, વૃધ્ધો કે બાળકોને એકાંતરે દિવસે પેટ સાફ આવવું સ્વાભાવિક છે. ભોજન પછી તરત હાજત માટે જવું એ પણ એટલું જ સ્વાભાવિક છે. આવી સ્થિતિને પેટના રોગો કે કબજિયાત સમજવાની ભૂલ ન કરવી.

હવે કબજિયાત નીવારવાના ઉપાય જોઈએ

(૧) મળત્યાગ કરવાના સમયે ટેન્શન, ચિંતાજનક વિચારો ન કરવા. જેથી જ્ઞાનતંતુ દ્વારા થતાં હાજતના સંવેદનમાં રૂકાવટ થાય. ક્યારેય પણ હાજત જવાની ઈચ્છાને પ્રયત્નપૂર્વક રોકવી નહિ.

(૨) હાજત જવા માટે દેશી કમોડની પધ્ધતિ અપનાવવી - જેમાં પગ વાળીને બેસવાથી પેટ પર દબાણ આવે અને સરળતાથી મળોત્સર્ગ થાય. (વધારે પડતું વજન અને પગના સાંધાના દુ:ખાવાની તકલીફ વાળી વ્યક્તિઓ માટે આ સ્થિતિનો નિષેધ છે.) હાજત જતાં પહેલા મળદ્વારમાં દેશી દિવેલ લગાવવું.

(૩) સર્વ રસાયનોમાં શ્રેષ્ઠ એવાં જળનો પર્યાપ્ત માત્રામાં ઉપયોગ કરવો. (એટલે કે રોજના આઠથી દસ પ્યાલા પાણી પીવું.) સવારે ઊઠીને બે-ત્રણ પ્યાલા હુંફાળું-ગરમ કરેલું પાણી નરણા કોઠે પીવું. પછી હાજત માટે જવું.

(૪) દાડમ, લસણ, કંદમૂળ, મેંદાનો ઉપયોગ વધુ માત્રામાં કરવાથી કબજિયાત થાય. વિટામીનની દવાઓ જેમાં આયર્ન (લોહતત્વ) હોય, ઉધરસની દવાઓ (કોડિનયુક્ત), ઊંઘની અને મનને શાંત કરતી દવાઓ તથા પેઈનકિલર્સના ઉપયોગથી પણ કબજિયાત થઈ શકે. જેથી આ પ્રકારની ઔષધિઓ વિવેકપૂર્વક લેવી.

(૫) પોલિશ કરેલા ચોખા, ફોતરા કાઢી નાખેલી દાળ, થૂલુ કાઢી નાખેલા ઘઉંનો વપરાશ બંધ કરવો. એની જગ્યાએ હાથ-છડના ચોખા, ફોતરાવાળી દાળ અને ઘઉંનો કરકરો લોટ વાપરવાનો આગ્રહ રાખવો. એમ કરવાથી ખોરાકમાં રેષા અને વિટામીન 'B1' નું પ્રમાણ જળવાય છે. ઉપરાંત લીલાં શાકભાજી અને તાજાં ફળોનો ઉપયોગ છાલ સાથે કરવાથી સારા એવા પ્રમાણમાં રેષા મળી રહે છે. દિવસ દરમ્યાન ખોરાકમાં ત્રીસથી ચાળિસ ગ્રામ જેટલાં રેષા લેવાં જરૂરી છે.

(૬) ઉતાવળે ખાવાની ટેવ બરાબર નથી. શાંતિપૂર્વક, એકાગ્રચિત્તે, સંતોષથી ભોજન લેવું. ભોજન દરમ્યાન અને ભોજન પછી તરત વધુ પડતું પાણી ન પીવું. જેથી પચનક્રિયા મંદ થઈ અપચો થાય. ભોજન પછી તલ, ધાણાની દાળ, ગળ્યા આમળા, વરિયાળી જેવા મુખવાસનો ઉપયોગ કરવો.

(૭) બેઠાડું જીવન ત્યાગી, સરળ અને સાદા વ્યાયમને અપનાવવો. સવાર-સાંજ ભોજનના કલાક પછી અડધો કલાક શાંતિપૂર્વક ચાલવાની ટેવ કેળવવી. યથાશક્તિ મુજબ એરોબિક કસરતો કરવી. યોગાસનો જેવા કે ઉત્તાનપાદાસન, શલભાસન, પશ્ચિમોત્તાનાસન, વજ્રાસન, સર્વાંગાસન જાણકારની સલાહ મુજબ કરવા. જેનાથી પેટના સ્નાયુઓ મજબુત થશે અને આંતરડાની કાર્યક્ષમતા વધશે.

(૮) અડધો કલાક પાણીમાં પલાળી રાખેલા બે થી ત્રણ નંગ અંજીર બપોરના ભોજન પછી અને વીસ દાણા કાળી સૂકી દ્રાક્ષ અડધો કલાક પાણીમાં પલાળી રાખી, ખૂબ ચાવી-ચાવીને રાત્રિ ભોજન પછી લેવાં.


આપના ધંધાની જાહેરાત માટેનું સર્વશ્રેષ્ઠ માધ્યમ

સત્યમેવ જયતે Soham24

સોહમ્ ૨૪ પ્રિન્ટ મિડીયાના માધ્યમથી
અમે આપના વ્યવસાયની જાણકારી પહોંચાડવાનું ઉત્તમ માધ્યમ
આપના ધંધાની જાહેરાત વધુમાં વધુ લોકો સુધી પહોંચાડવાનું શ્રેષ્ઠ માધ્યમ

75750 20982

**ટચુકડી ૧ લાઈનના રૂ.૧૫/-**
**(સોમવાર સાંજ સુધીમાં સ્વીકારવામાં આવશે)**

**છુટક નકલના રૂ.૫-૦૦**
**વાર્ષિક લવાજમ : રૂ.૪૦૦**

| બ્લેક એન્ડ વાઈટ | કલર |
|---|---|
| અંદરના પાને : રૂ.૭૫/- પ્રતિ સે.મી. | અંદરના પાને : રૂ.૧૨૫/- પ્રતિ સે.મી. |
| છેલ્લા પાને : રૂ.૧૫૦/- પ્રતિ સે.મી. | છેલ્લા પાને : રૂ.૨૦૦/- પ્રતિ સે.મી. |
| પહેલા પાને : રૂ.૨૦૦/- પ્રતિ સે.મી. | પહેલા પાને : રૂ.૨૫૦/- પ્રતિ સે.મી. |

રાજનાથ મહાદેવ મંદિર પાસે, કુંથુંનાથ દેરાસર ચોક, રાજનાથ ચેમ્બર,
શોપ નંબર - ૨, પહેલા માળે, સુરેન્દ્રનગર. Email : soham24info@gmail.com


**ખાસ નોંધ : સોહમ૨૪ ન્યુઝનાં આર્ટીકલમાં આપેલા કોઈપણ આરોગ્ય સબંધિત બાબતો (નુસખા-ટીપ્સ)નો ઉપયોગ કરતા પહેલા ડોક્ટરની સલાહ લેવી.**

## જ્ઞાન સાથે ગમ્મત



# ઓટીટી : વિવિધ દેશમાં નિયમો



ફરી એકવાર સમાચાર છે કે કેન્દ્ર સરકાર ઓટીટી પર આવતા કોન્ટેન્ટ પર નિયમન લાદવા વિચારી રહી છે. કેન્દ્રીય પ્રધાન પ્રહ્લાદ જોશીએ આ વિશેની ટિપ્પણી કર્ણાટકના હુબલીમાં કરી છે. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વડા મોહન ભાગવતે પણ ઓટીટી પર પીરસાતી ચીજોને હલકી લેખાવીને એના પર નિયંત્રણો લદાવાં જોઈએ એવી વાત કરી છે. નાગપુરમાં આરએસએસના નવ્વાણુમા સ્થાપના દિવસ નિમિત્તે તેઓએ આ વાત કરી હતી. આરએરસએસના એક ટ્વીટમાં કહેવાયું છે, 'ઓટીટી પર શું દેખાડવું એના પર નહીંવત્ અથવા બિલકુલ નિયંત્રણ નથી. ઘણું બધું એવું દર્શાવાઈ રહ્યું છે જે એટલું ખરાબ છે કે એમનો ઉલ્લેખ કરવો પણ ઔચિત્યભંગ ગણાશે. આપણા ઘર સુધી પહોંચતા આવા કોન્ટેન્ટ પર કાબૂ મેળવવા માટે કાયદાની તાતી જરૂર છે.'

**ઓસ્ટ્રેલિયાઃ** ત્યાં જાહેર પ્રસારણના નિયમનનું કામ ધ બ્રોડકાસ્ટિંગ સવસીઝ એક્ટ (બીસીએ) હેઠળ થાય છે. એમાં ૨૦૦૦ની સાલની શરૂઆતમાં ઓટીટી સંબંધિત સુધારા થયા હતા. આપણા સેન્સર બોર્ડની જેમ ત્યાં પણ દરેક કોન્ટેન્ટ માટે સટફિકેશન (એમના કેસમાં રેટિંગ)ની સિસ્ટમ છે. જોકે નેટફ્લિક્સ જેવી કંપનીને ત્યાં પોતાના કોન્ટેન્ટને પોતાની રીતે રેટિંગ આપવાની પણ છૂટ છે. અર્થાત્ એને બીસીએના રેટિંગની ચિંતા કરવાની રહેતી નથી.

**ઇંગ્લેન્ડઃ** ૨૦૧૮માં બ્રિટિશ બ્રોડકાસ્ટિંગ કોર્પોરેશન (ઇંગ્લેન્ડની સત્તાવાર પ્રસારણસેવા જેની સ્થાપના દેશની સરકારે કરી હતી) એટલે બીબીસીના ડિરેક્ટર જનરલે, વીડિયો સ્ટ્રીમિંગ કંપનીઓ, નેટફ્લિક્સ અને એમેઝોનના નિયમનની ભલામણ કરી હતી. એવા મંતવ્ય સાથે કે આ કંપનીઓના કોન્ટેન્ટની બિલકુલ એમ તપાસ થવી જોઈએ જેમ અન્ય જાહેર પ્રસારણ સેવાઓની થાય છે. પછી ઘણાં પગલાં લેવાયાં. એમાં એક હતું શ્વેતપત્ર જાહેર કરવાનું પગલું. ઉદ્દેશ હતો આવા (નેટફ્લિક્સ અને એમેઝોન ટાઇપ્સ) કોન્ટેન્ટ સાથે કેમ પનારો પાડવો. છતાં, શ્વેતપત્રની વાતો સીમિત રહી યુઝર-જનરેટેડ (એટલે મારા-તમારા જેવા લોકોના) કોન્ટેન્ટ સુધી. એ સિવાયનું બધું હજી પ્રસ્તાવિત છે. ઓટીટી કોન્ટેન્ટનું શું કરવું એ વિશે લોકો પાસેથી વિચારો પણ મગાવાયા પણ, નક્કર નિર્ણય લેવાયો નથી.

**અમેરિકાઃ** આ દેશમાં ઇન્ટરનેટ પર નિયમન માટે એક કરતાં વધારે કાયદા છે. એમાં સામેલ છે ફેડરલ ટ્રેડ કમિશન એક્ટ, ઇલેક્ટ્રોનિક કમ્યુનિકેશન્સ પ્રાઇવસી એક્ટ વગેરે. વ્યક્તિગત સ્વાતંત્ર્યના મામલે અમેરિકા ખાસ્સું આગળ અને અલગ છે. ત્યાં નિમયનો ઓછાં છે છતાં, આડા ફાટનારને મુશ્કેરાટ બાંધવા માટે જોગવાઈઓ પણ છે. ચાઇલ્ડ પોર્નોગ્રાફી સામે ત્યાં ઘણીવાર હોબાળો મચે છે. એના માટે નિયમનો છતાં કંપનીઓ પોતાની બદદાનતને યેનકેન પાર પાડતી રહે છે. ઇન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી રાઇટ્સનો ઉલ્લંઘન કરવા બદલ ત્યાં નેપસ્ટર, વિકિલીક્સ, ધ પાઇરેટ બે, મેગાઅપલોડ જેવી વેબસાઇટ્સ પર પ્રતિબંધ ઠોકાયા છે. જોકે દુનિયાને ઉત્તમ કાયદા સાથે દમદાર છટકબારીની તાલીમ આપવામાં અમેરિકા દાદો છે. ત્યાં સરકાર જેટલી જ શક્તિશાળી ખાનગી કંપનીઓ છે. બેઉ વચ્ચે ગજગ્રાહ ચાલતો રહે છે. મોટાભાગે કંપનીઓ પોતાનું ધાર્યું કરીને રહે છે.

**ચીનઃ** માહિતી પ્રસારણનું કામ આ દેશમાં સરકારની મુનસફી પ્રમાણે જ થઈ શકે છે. ઇન્ટરનેટની ક્યાં વાત કરીએ, છાપાં, સામયિક બધાંએ કાયદાની મર્યાદામાં રહેવું પડે છે. પરિણામે, દેશની ઘણી સાચી માહિતી પણ વિશ્વને છોડો, એ દેશના નાગરિકોને પણ મળતી નથી. દુનિયામાં ઇન્ટરનેટ, પત્રકારત્વ જેવી બાબતોમાં સરકાર સામે થવા બદલ મહત્તમ લોકો પર કાયદેસર કામ આ દેશમાં થયું છે. સ્થિતિ એવી છે કે ગમે તેટલા ધમપછાડા પછી પણ ગૂગલ, ફેસબુક, યુટયુબ, યાહૂ, ઇન્સ્ટાગ્રામ, સ્પોટીફાઈ, વિકિપીડિયા, વ્હોટ્સએપ, સ્નેપચેટ, ક્વારા વગેરે કંપનીઓ ચીનમાં કામ કરી શકતી નથી. વિદેશીઓએ ત્યાં આ સેવાઓ વાપરવા વર્ચ્યુઅલ પ્રાઈવેટ નેટવર્ક કે વીપીએનનો આશરો લેવો પડે છે. એ પછી પણ જો ચીન વિરુદ્ધનું ઇન્ટરનેટ પર કશું કર્યું તો કામથી જવાની પૂરી શક્યતા રહે છે.

**કેન્યાઃ** ધ કેન્યા ઇન્ફોર્મેશન એન્ડ કમ્યુનિકેશન્સ એક્ટ ત્યાંનો એક કાયદો છે. સાથે છે ડેટા પ્રોટેક્શન એક્ટ. એ સિવાયના પણ કાયદા છે જેના થકી આ દેશ ઓનલાઇન કોન્ટેન્ટનું નિયમન કરે છે. સરકાર વિરુદ્ધ બકબક કરનારા ઘણાએ ત્યાં કાયદાનો પરચો જોયો છે અને તેઓ જેલભેગા પણ થયા છે.

**સાઉદી અરેબિયાઃ** ઇન્ટરનેટ પર કાંઈ પણ આવે, આ દેશમાં બધી ચીજ પર નિયંત્રણ છે. એન્ટી સાયબર ક્રાઇમ લા પ્રવર્તમાન છે. ત્યાં નેટફ્લિક્સને 'પેટ્રિઓટ એક્ટ' નામની સિરીઝના એક એપિસોડને રોકવાનો આદેશ એટલે અપાયો હતો કે એમાં સરકાર વિરુદ્ધ ટિપ્પણીઓ હતી. સાઉદી મુક્ત દેશ નથી. સહજ છે ત્યાં વેપાર કરવા ભલભલી ગંજાવર કંપનીઓએ પણ નાકલીટી તાણીને, મર્યાદામાં રહીને કામ કરવું પડે. ભલે ઓટીટી માટે ચોક્કસ કાયદો નથી બનાવાયો, તો શું થયું?

**સિંગાપોરઃ** ત્યાં મીડિયાનું નિયમન ઇન્ફોકોમ મીડિયા ડેવલપમેન્ટ ઓથોરિટી (આઈએમડીએ)થી થાય છે. ૨૦૧૮માં એને માર્ગદર્શકા પ્રસિદ્ધ કરી હતી. ત્યાં પણ રેટિંગ સિસ્ટમ છે. વધુમાં, કોઈ પણ પ્લેટફોર્મ પર ૧૬ વરસથી નીચેની ઉંમરનાં બાળકો કે કિશોરો માટે મુકાતા કોન્ટેન્ટ માટે પેરેન્ટલ લાક અનિવાર્ય છે. ૨૧ વરસથી ઉપરના દર્શકો માટેનું કોન્ટેન્ટ બાય ડિફોલ્ટ લાક હોય તો રિલીઝ કરી શકાય છે. આ કોન્ટેન્ટ ઉંમરનો પુરાવો આપીને જોઈ શકાય છે. દેશ કે પ્રજાના અહિતવાળું કોન્ટેન્ટ ત્યાં મૂકવું અઘરું છે. ન્યુઝ, કરન્ટ અફેર્સ વગેરેમાં સંતુલન જાળવવું અનિવાર્ય છે. ખોટી માહિતીનો પ્રસાર ખાળવાનો રહે છે. કદાચ આટલી વિચારશીલ અને વિસ્તૃત માર્ગદર્શકા અન્ય કોઈ દેશમાં નહીં હોય.

**ટર્કીઃ** ધ રેડિયો એન્ડ ટેલિવિઝન સુપ્રીમ કાઉન્સિલ (આરટીયુકે) સંસ્થા ત્યાં કોન્ટેન્ટનું નિયમન કરે છે. વિદેશી કંપનીએ ત્યાં કામકાજ કરવા સ્થાનિક કંપની કરવી અનિવાર્ય છે. જે પણ ઓનલાઇન દર્શાવવામાં આવે એ કોન્ટેન્ટ સત્તાવાર સંસ્થાને મોનિટરિંગ માટે ઉપલબ્ધ કરાવવાનું રહે છે. ત્યાં ઇન્સ્ટાગ્રામ, ડિસ્કોર્ડ, ટ્વિટર, યુટયુબ, વિકિપીડિયા સહિત રોબલોક્સ જેવી ગેમ પર પ્રતિબંધ મુકાયાના દાખલા છે. વર્તમાન, સુધારિત કાયદામાં અવળચંડાઈ કરતી ઓનલાઇન કંપનીઓને કારાવાસને બદલે સખત આથક દંડ કરવાની જોગવાઈ છે. અભિવ્યક્તિ સ્વાતંત્ર્ય પર ટર્કીમાં ખૂબ નિયંત્રણ હોવાની વૈશ્વિક બૂમાબૂમ છે. છતાં, આ દેશ એ કરી રહ્યું છે જે એને યોગ્ય લાગે છે.

**ઇન્ડોનેશિયાઃ** ૨૦૧૬માં આ દેશમાં નેટફ્લિક્સ પર તવાઈ લગાડી દેવામાં આવી હતી. પછી, સરકારી આદેશ અનુસાર નેટફ્લિક્સે નાકલીટી તાણી અને પ્રતિબંધ દૂર કરાયો હતો. ઇન્ડોનેશિયન બ્રોડકાસ્ટિંગ કમિશન (કેપીઆઈ) ત્યાં કોન્ટેન્ટનું નિયમન કરે છે.



## મનોરંજન

# પૂજા જોશી અને પરીક્ષિત તમાલિયા સ્ટાર ફિલ્મ "કાલે લગન છે "નું ટ્રેલર લોન્ચ




૭ નવેમ્બર, ૨૦૨૪ના રોજ રિલીઝ થઈ રહેલ ફિલ્મ "કાલે લગન છે " એ રિલીઝ પહેલાં જ લોકોમાં ફિલ્મ જોવા અંગેની ઉત્સુકતા વધારી દીધી છે. કોમેડી, ડ્રામા અને રોમેન્ટિક સ્ટોરી લાઈન ધરાવતી આ ફિલ્મમાં પૂજા જોશી અને પરીક્ષિત તમાલિયા મુખ્ય ભૂમિકાઓમાં નજરે પડશે. ફિલ્મનું ટ્રેલર તાજેતરમાં જ લોન્ચ કરવામાં આવ્યું છે. આ ફૂલ- ઓન ફેમિલી એન્ટરટેઈનમેન્ટ ફિલ્મ છે જે સામાન્ય કોમેડીથી કાંઈક હટકે અને સસ્પેન્સથી ભરપૂર છે. એચજીપિક્ચર્સના બેનર હેઠળ બનેલ આ ફિલ્મના પ્રોડ્યુસર હરેશ પટેલ, રુચિત પટેલ અને સંજય દેસાઈ છે. ફિલ્મના લેખક અને ડિરેક્ટર અત્યંત પ્રતિભાશાળી હુમાયૂન મકરાણી છે. ઉલ્લેખનીય છે કે પૂજા અને પરીક્ષિતની જોડી "હું અને તું" પછી ફરી એકવાર સાથે આવી રહી છે.

"કાલે લગન છે " ફિલ્મમાં પરીક્ષિત અને પૂજા ઉપરાંત અનુરાગ પ્રપન્ના, દીપિકા રાવલ, પૂજા મિસ્ત્રી, મીર હનીફ, મેહુલ વ્યાસ, મૌલિક પાઠક અને ઉમેશ બારાત વગેરે કલાકારો પણ અત્યંત મહત્વપૂર્ણ ભૂમિકાઓમાં નજરે પડશે.

ફિલ્મની સ્ટોરીલાઈનની વાત કરીએ તો ફિલ્મમાં 'એનોય્ડ આયુષ' ની જર્ની બતાવવામાં આવી છે જેને દીવ જતી વખતે એક છોકરી ઈશિકાને મળે છે, જ્યાં રહસ્યમય ખુલાસાઓ તેને તેના પ્લાન બદલવા માટે ફરજ પાડે છે અને દરેક ટ્વિસ્ટ દર્શકોને રમૂજ પ્રદાન કરશે. ટ્રેલરમાં પણ પરીક્ષિત અને પૂજા સાથે કારમાં મુસાફરી કરતાં જોવા મળે છે. તેમની ઓન-સ્ક્રીન કેમેસ્ટ્રી જોવા દર્શકો આતુર છે. ફિલ્મ ૭ નવેમ્બરના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થઈ રહી છે.




### શાહરુખ ખાને જણાવી તેની અંતિમ ઈચ્છા

# હું મારા અંતિમ શ્વાસ સુધી કામ કરવા માંગુ છું

### હિન્દી સિનેમાના બાદશાહ તરીકે ઓળખાતા શાહરૂખ ખાને વર્ષ ૧૯૮૯માં ટીવી શો 'ફૌજી'થી પોતાના કરિયરની શરૂઆત કરી હતી



હિન્દી સિનેમાના બાદશાહ તરીકે ઓળખાતા શાહરૂખ ખાને વર્ષ ૧૯૮૯માં ટીવી શો 'ફૌજી'થી પોતાના કરિયરની શરૂઆત કરી હતી. ત્યારથી લઈને આજ સુધી તેણે ક્યારેય પાછું વળીને જોયું નથી અને મહેનતના દમ પર તેણે ઈન્ડસ્ટ્રીમાં પોતાની અલગ ઓળખ બનાવી છે.

ત્રણ દાયકાની કારકિર્દીમાં, શાહરૂખ ખાને ઘણી બ્લોકબસ્ટર ફિલ્મો આપી છે અને ૫૮ વર્ષની ઉંમરે પણ તેના ચાર્મનો અંત આવ્યો નથી. તાજેતરમાં સ્વિટ્ઝર્લેન્ડમાં આયોજિત લોકર્નો ફિલ્મ ફેસ્ટિવલમાં તેને લાઈફ ટાઈમ અચીવમેન્ટ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યો હતો. લોકર્નો ફિલ્મ ફેસ્ટિવલમાં તેણે જણાવ્યું કે, તે કેટલા સમય સુધી ફિલ્મોમાં કામ કરવા માગે છે. શાહરૂખ ખાનનું કહેવું છે કે, તે પોતાના અંતિમ શ્વાસ સુધી કામ કરવા માગે છે. અને પોતાનો છેલ્લો સમય બીજે ક્યાંય નહીં પણ સેટ પર વિતાવવા માગે છે. અભિનેતાએ કહ્યું- શું હું હંમેશા એક્ટિંગ કરીશ? હા, હું મરી નથી જતો ત્યાં સુધી મારું સપનું છે કે કોઈ કહે એક્શન અને પછી હું મરી જઈશ. તેઓ કહે કટ અને પછી હું ઉઠતો નથી. 'હવે આ ખતમ થઈ ગયું, પ્લીઝ?' હું કહું છું, 'ના, જ્યાં સુધી તમે બધા એમ ન કહો કે તે ઠીક છે, તમે બધા એમ ન કહો કે, તે મારા માટે ઠીક છે. હા મને એક્ટિંગ હંમેશા ગમશે.શાહરૂખ ખાને કહ્યું કે, તે લોકોના મનોરંજન માટે કામ કરે છે. તે પોતાને ગંભીર અભિનેતા નથી માનતો, પરંતુ તેણે લોકોનું મનોરંજન કરવા માટે પોતાની અંદર કેટલીક વસ્તુઓ શોધી કાઢી છે. અભિનેતાના કહેવા પ્રમાણે- મેં કહ્યું તેમ, હું બહુ ગંભીર અભિનેતા નથી અને મેં લોકોને બતાવવા માટે અભિનય વિશે કેટલીક અદ્ભુત અને અંદરની બાબતો શોધી કાઢી છે. હું મારા અભિનય દ્વારા જીવનના આનંદની ઉજવણી કરું છું.

# તૃપ્તિ ડિમરીની 'ધડક ૨' ફેબ્રુઆરીમાં રિલીઝ થશે



તૃપ્તિ ડિમરીની 'ધડક ૨'ની રિલીઝ ડેટ જાહેર થઈ ચૂકી છે. તૃપ્તિની એક પછી એક ફિલ્મો આવી રહી છે. 'વિકી ઔર વિદ્યા કા વો વાલા વીડિયો' રિલીઝ થઈ ચૂકી છે. હવે તેની 'ભુલભુલૈયા ૩' આવશે ત્યાર બાદ 'ધડક ૨' રિલીઝ થશે. આમ એક પછી એક ફિલ્મ કરી રહી છે અને તે એક સ્ટાર તરીકે પોતાની જગ્યા બનાવી રહી છે. 'ધડક ૨' એ ૨૦૧૮માં આવેલી જહાન્વી કપૂર અને ઈશાન ખટ્ટરની ફિલ્મ 'ધડક'ની સીક્વલ છે. 'ધડક' મરાઠી ફિલ્મ 'સૈરાટ'ની રિમેક હતી. જ્યારે હવે 'ધડક ૨' તમિલ ફિલ્મ 'પેરિયેરુમ પેરુમલ'ની રિમેક હશે. જેમાં તૃપ્તિ સાથે સિદ્ધાંત ચતુર્વેદી મુખ્ય રોલમાં જોવા મળશે. આ ફિલ્મ ૨૧ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ રિલીઝ થશે. આમ 'ધડક ૨' દ્વારા આ ફ્રેન્ચાઈઝીની ફિલ્મોમાં નવું પ્રકરણ ઉમેરાશે. તૃપ્તિ એક પછી એક વૈવિધ્યસભર રોલ કરી રહી છે, જેમાં તેના અભિનયના વખાણ પણ થઈ રહ્યા છે. ત્યારે હવે આ ફ્રેન્ચાઈઝીની ફિલ્મમાં તૃપ્તિના કાસ્ટિંગથી તેના ફેન્સ ઉત્સાહમાં આવી ગયા છે. સાથે જ તેને મળી રહેલાં આ વિવિધ રોલ તેનું અભિનય માટેનું ડેડિકેશન અને તૈયારી પણ દર્શાવે છે. જે બોલિવૂડની દુનિયાને પોતાને રોલ આપવા માટે મજબૂર કરી રહી છે.

# બાલવાડી




એક હતો પોપટ. પોપટ બહુ જ ભલો ને ડાહ્યો હતો. એક દિવસ પોપટને એની મા કહે - ભાઈ, કમાવા જા ને!

પોપટ તો 'ઠીક' કહી કમાવા ચાલ્યો. ચાલતાં ચાલતાં ખૂબ દૂર ગયો ત્યાં એક મોટું સરોવર આવ્યું. સરોવરની પાળે એક મજાનો આંબો હતો. તેના ઉપર પોપટ બેઠો.

આંબે કાચી અને પાકી ઘણી બધી કેરીઓ આવેલી. પોપટ કેરીઓ ખાય, આંબાડાળે હીંચકે ને ટહૂકા કરે. ત્યાંથી એક ગાયોનો ગોવાળ નીકળ્યો. પોપટ ગાયોના ગોવાળને કહે- એ ભાઈ, ગાયોના ગોવાળ, ગાયોના ગોવાળ! મારી માને એટલું કહેજે

પોપટ ભૂખ્યો નથી પોપટ તરસ્યો નથી પોપટ આંબાની ડાળ પોપટ સરોવરની પાળ પોપટ કાચી કેરી ખાય પોપટ પાકી કેરી ખાય પોપટ ટહૂકા કરે

ગોવાળ કહે - બાપુ! આ ગાયો રેઢી મૂકીને હું તે તારી બાને કહેવા ક્યાં જાઉં? તારે જોઈતી હોય તો આમાંથી એક સારી મજાની ગાય લઈ લે. પોપટે તો એક ગાય લીધી ને આંબાના થડે બાંધી દીધી.

થોડીક વાર થઈ ત્યાં તો ત્યાંથી ભેંસોનો ગોવાળ નીકળ્યો. પોપટ ભેંસોના ગોવાળને કહે- એ ભાઈ, ભેંસોના ગોવાળ, ભાઈ ભેંસોના ગોવાળા મારી માને એટલું કહેજે

પોપટ ભૂખ્યો નથી પોપટ તરસ્યો નથી પોપટ આંબાની ડાળ પોપટ સરોવરની પાળ પોપટ કાચી કેરી ખાય પોપટ પાકી કેરી ખાય પોપટ ટહૂકા કરે

ભેંસોનો ગોવાળ કહે - બાપુ! મારાથી તો કહેવા નહિ જવાય. તારે જોઈએ તો આમાંથી એક પાડિયાળી ભેંસ લઈ લે. પોપટે તો એક સારી મજાની ભેંસ લીધી ને આંબાના થડે બાંધી. થોડીક વાર થઈ તો ત્યાંથી બકરાંનો ગોવાળ નીકળ્યો. પોપટ બકરાંના ગોવાળને કહે - એ ભાઈ, બકરાંના ગોવાળ, બકરાંના ગોવાળ! મારી માને એટલું કહેજે

પોપટ ભૂખ્યો નથી પોપટ તરસ્યો નથી પોપટ આંબાની ડાળ પોપટ સરોવરની પાળ પોપટ કાચી કેરી ખાય પોપટ પાકી કેરી ખાય પોપટ ટહૂકા કરે

બકરાંનો ગોવાળ કહે - અરે બાપુ! આ બકરાં રેઢા મૂકીને મારાથી તારી માને કહેવા નહિ જવાય. તારે જોઈએ તો બે-ચાર બકરાં લઈ લે. પોપટે તો બે-ચાર રૂપાળાં બકરાં લઈ લીધાં ને આંબાના થડે બાંધી દીધાં.

વળી ત્યાંથી ઘેટાંનો ગોવાળ નીકળ્યો. ઘેટાંના ગોવાળે પોપટને ચાર-પાંચ ઘેટાં આપ્યા.

પછી તો ત્યાંથી ઘોડાનો ગોવાળ, હાથીનો ગોવાળ અને સાંઢિયાનો ગોવાળ એક પછી એક નીકળ્યા. ઘોડાના ગોવાળે પોપટને એક ઘોડો આપ્યો. હાથીના ગોવાળે પોપટને એક હાથી આપ્યો. સાંઢિયાના ગોવાળે પોપટને એક સાંઢિયો આપ્યો.

પછી પોપટ તો ગાય, ભેંશ, બકરાં, ઘેટાં, ઘોડો, હાથી ને સાંઢિયો બધાયને લઈને એક મોટા શહેરમાં આવ્યો. બધાંયને વેચી નાખ્યા એટલે એને તો ઘણાં બધા રૂપિયા મળ્યા. થોડાક રૂપિયાનું એણે સોનુ-રૂપું લીધું ને તેના ઘરેણાં ઘડાવ્યાં.

પછી એણે ઘરેણાં નાકમાં, કાનમાં ને ચાંચમાં પહેર્યા; બીજા રૂપિયાને પાંખમાં અને ચાંચમાં ભર્યા. પછી પોપટભાઈ ઘરે ગયો. આવતાં આવતાં મોડી રાત થઈ ગઈ. ઘરનાં બધાં ઊંઘી ગયાં હતાં. પોપટે તો સાંકળ ખખડાવી માને સાદ કરીને કહ્યું -

મા, મા!

બારણાં ઉઘાડો પાથરણાં પથરાવો ઢોલીડા ઢળાવો શરણાઈઓ વગડાવો પોપટભાઈ પાંખ ખંખેરે.

મા બિચારી આખો દિવસ ઘરનું કામ કરી કરીને ખૂબ થાકી ગઈ હતી. કોણ આવ્યું છે તે એને બરાબર સમજાયું નહિ. એને થયું અત્યારે કોઈ ચોરબોર આવ્યો હશે ને ખોટું ખોટું બોલતો હશે. એણે તો બારણાં ઉઘાડયાં નહિ. પછી પોપટ કાકીને ઘેર ગયો. કાકીને ઘેર જઈને કહે-

કાકી, કાકી! બારણાં ઉઘાડો પાથરણાં પથરાવો ઢોલીડા ઢળાવો શરણાઈઓ વગડાવો પોપટભાઈ પાંખ ખંખેરે.

કાકીએ તો સૂતાં સૂતાં જ સંભળાવી દીધું - અત્યારે અડધી રાતે કોઈ બારણાં ઉઘાડતું નથી. આવવું હોય તો સવારે આવજે. પછી પોપટ પોતાની બહેનના ઘેર ગયો. જઈને કહે -

બહેન, બહેન! બારણાં ઉઘાડો પાથરણાં પથરાવો ઢોલીડા ઢળાવો શરણાઈઓ વગડાવો પોપટભાઈ પાંખ ખંખેરે.

બહેન કહે - અત્યારે કાળી રાતે મારો ભાઈ ક્યાંથી હોય? ભાગી જા! તું તો કોઈ ચોર લાગે છે. પછી પોપટ તો માસી, ફોઈબા વગેરે ઘણાં સગાંવહાલાંને ઘેર ગયો પણ કોઈએ બારણાં ઉઘાડયાં ???.

છેવટે પોપટ એની મોટીબાને ત્યાં ગયો. એની મોટીબા એને ખૂબ વહાલ કરતાં હતા.

મોટીબાએ તો તરત પોપટનો સાદ ઓળખ્યો. તે કહે - આવી ગયો, મારા દીકરા! આ આવી; લે બારણાં ઉઘાડું છું, બાપુ! પછી બારણાં ઉઘાડ્યાં એટલે પોપટભાઈ અંદર આવ્યા ને મોટીબાને પગે લાગ્યા. મોટીબાએ એના દુખણાં લીધાં.

પછી તો મોટીબાએ પોપટ માટે પાથરણાં પથરાવ્યાં, ઢોલીડાં ઢળાવ્યાં ને ઉપર સુંવાળા સુંવાળા ગાદલાં પથરાવ્યાં. પછી કહે - દીકરા! જરા અહીં બેસજે, હોં. હમણાં શરણાઈવાળાને બોલાવું છું. મોટીબા તરત ત્રણ ચાર શરણાઈવાળાને બોલાવી લાવ્યા. શરણાઈયું પૂઉંઉંઉં કરતી વાગવા માંડી.

પોપટભાઈ તો ખુશ ખુશ થઈ ગયા ને પાંખમાંથી ને ચાંચમાંથી રૂપિયા ખંખેરવા લાગ્યા. થોડી વારમાં તો આખું ઘર રૂપિયાથી ભરાઈ ગયું. પોપટભાઈ આટલા બધાં રૂપિયા કમાઈને આવ્યા એ જોઈ મોટીબા પણ ખૂબ રાજી થયા.

શરણાઈ સાંભળતાં સાંભળતાં પોપટભાઈને ઊંઘ આવી ગઈ. સવારે ઊઠીને મોટીબાએ પોપટભાઈની માને બોલાવી પોપટભાઈના રૂપિયા - ઘરેણાં એને આપી દીધા અને પોપટભાઈને જવાનું મન નહોતું તો પણ પરાણે માની સાથે એના ઘેર મોકલાવી દીધા.

## સાંજ પડી

પંખી માળે આવ્યાં કેમ ? સાંજ પડી.
ફૂલ ફરી બિડાયાં કેમ? સાંજ પડી.
સૂરજ રાતો લાગે કેમ? સાંજ પડી.
ઘૂવડ રાજા જાગે કેમ ? સાંજ પડી.
મંદિર ઝાલર વાગે કેમ ? સાંજ પડી.
નભમાં તારા ટમક્યા કેમ ? સાંજ પડી.
ચાંદામામા ચમક્યા કેમ? સાંજ પડી.
તમરાં ત્રમ ત્રમ કરતાં કેમ? સાંજ પડી.
દીવડે ફૂદાં ભમતાં કેમ? સાંજ પડી.
ધરતીમાતા પોઢે કેમ ? સાંજ પડી.
અંધારાને ઓઢે કેમ ? સાંજ પડી.

- નટવર પટેલ

સોહમ્ ૨૪ સાપ્તાહિક દર ગુરૂવારે
આપની આજુબાજુમાં બનતી સમસ્યાનો ઉકેલ...
મોકલો અમને અમે કરીશુ ઉજાગર
બસ ઉઠાવો ફોન અને સ્કેન કરો કોડ...
સત્યમેવ જયતે
Soham24
Email : soham24info@gmail.com
www.soham24.com
75750 20982

સાયન્સ અને ટેકનોલોજી

# હેકર્સ બન્યા હાઈટેક... ચેતીજજો...!

વૈશ્વિક સ્તરે સાયબર ક્રાઈમમાં વધારો થઈ રહ્યો છે. ભારતમાં પણ આ ગુનામાં નોંધપાત્ર વૃદ્ધિ જોવા મળે છે. સાયબર ઠગ સરકારી સંસ્થાઓ, કોર્પોરેશન અને વ્યક્તિઓના ડેટાની ચોરી કરવા ટેકનોલોજીનો ઉપયોગ કરે છે. જે ખૂબ નુકસાનકારક છે.

સાયબર સુરક્ષા પડકારોનો સામનો કરવો તે જટીલ છે અને સમય માંગી લે તેવું છે. સાયબર હુમલામાં ઘણી વખત નોંધપાત્ર નુકસાન થાય છે. શિક્ષણ, આરોગ્ય સંભાળ, બેંકિંગ અને વાણિજ્ય જેવા ક્ષેત્રોમાં ટેકનોલોજીના ફાયદાઓ ઉપરાંત જોખમો પણ છે. સાયબર ગઠીયાઓ સામેની લડતમાં ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને વ્યક્તિગત ડેટાને સુરક્ષિત કરવા માટે બહુપક્ષીય વ્યૂહરચનાઓ આવશ્યક છે.

સાયબર સુરક્ષા ક્ષેત્રે ભારતમાં કોમ્પ્યુટર ઈમરજન્સી રિસ્પોન્સ ટીમ (CERT-In) કાર્યરત છે. જે સાયબર સુરક્ષાના જોખમોનો સામનો કરતી નોડલ એજન્સી છે. સાયબર નિષ્ણાતોની એક ટીમ ૨૪ કલાક સાયબર જોખમોને શોધવા અને તેને ઘટાડવા માટે સતત કાર્યરત છે.

હેકર્સ બિઝનેસ અને પર્સનલ કોમ્પ્યુટર સિસ્ટમમાં ઘૂસણખોરી કરવા માટે વિવિધ સ્ટ્રેટેજી અપનાવે છે. જેમાં ફિશિંગ ઈમેલ્સ બહુ પ્રચલિત છે. આ ભ્રામક ઈમેલ પ્રતિષ્ઠિત સ્ત્રોતો અથવા વિશ્વાસપાત્ર વેપારીઓના સંદેશાવ્યવહારની નકલ હોય છે. જે માલવેરને ઈન્સ્ટોલ કરતી લિંક્સ સાથે યુઝર્સને લલચાવે છે. આ લિંક્સ પર ક્લિક કરવાથી હેકર્સને ઈલેક્ટ્રોનિક ઉપકરણો, કમ્પ્યુટર સિસ્ટમ્સ અને ગોપનીય વ્યક્તિગત ડેટાનો એક્સેસ મળી જાય છે. દરરોજ હજારો યુઝર્સ આ ફિશિંગ ઈમેલ્સના શિકાર બને છે. આ જોખમને ઓછું કરવા માટે તમામ ઈલેક્ટ્રોનિક કોમ્યુનિકેશન પર આંધળો વિશ્વાસ મુકવાને બદલે સાવચેતી રાખવી આવશ્યક છે. મળતા દરેક ઈમેલની ઓથેન્ટિસિટીનું વિવેચનાત્મક મૂલ્યાંકન કરવું આવશ્યક છે.

સાયબર ગઠિયાઓ રેન્સમવેર નામક એક ઘાતક પ્રકારના સોફ્ટવેરનો ઉપયોગ કરે છે. જે ડિજિટલ ગેરવસૂલીની સૌથી સીધી



પદ્ધતિઓમાંની એક છે. શરૂઆતમાં તેઓ કમ્પ્યુટર્સમાંથી મૂલ્યવાન ડેટાને બહાર કાઢે છે. ત્યારબાદ તેમને પાંગળા બનાવી દે છે. ત્યારબાદ પીડિતોને ભારે ખંડણી ચૂકવવા દબાણ કરવામાં આવે છે. આવા જોખમોનો સામનો કરવા માટે, વ્યવસાયો માટે અલગ સર્વર્સ પરના તેમના ડેટાની સુરક્ષા કરવી અગત્યની છે. આ ઉપરાંત સાયબર ગઠિયાઓ માલવેરનો ઉપયોગ કરે છે. જે કમ્પ્યુટરની માહિતી પ્રણાલીનું કમાન્ડિંગ અને ટ્રાન્સફર કરવા સક્ષમ છે. આ ટૂલ માત્ર ડેટાની ચોરી અને ફેરફારને જ નહિ પરંતુ સાયબર અપરાધીઓને તેમના નેટવર્કમાં વાયરસ દાખલ કરીને સંસ્થાઓને નુકસાન પહોંચાડવા માટે સક્ષમ બનાવે છે. એકવાર માલવેર નેટવર્કમાં ઘૂસણખોરી કરે છે તે તમામ કનેક્ટેડ સિસ્ટમો અને ઉપકરણોને ગંભીર રીતે નુકસાન કરી શકે છે. આ હથિયાર સાયબર હુમલાઓની અસરને વધારે છે અને સંભવિત રીતે અઠવાડિયા કે મહિનાઓ સુધી રહે છે.

આજના ડિજિટલ યુગમાં ઈન્ટરનેટની સર્વવ્યાપી છે. જેમાં વેબસાઈટ વ્યક્તિગત અને વ્યવસાયિક એમ બંને રીતે મહત્ત્વપૂર્ણ છે. જેથી સાયબર અપરાધીઓ આ સિસ્ટમનો ઉપયોગ કરે છે, ટાર્ગેટ બનાવે છે. ઓનલાઈન સુરક્ષાને પણ તેઓ ભેદી શકે છે. આવા જોખમોને ઘટાડવા માટે, યુઝર્સે મજબૂત પાસવર્ડ રાખવા જોઈએ તેમજ શંકાસ્પદ લિંક્સ અને વેબસાઈટ્સને નજર અંદાજ કરીને સાવધાની સાથે ઈમેલ ચેક કરવા જોઈએ. તદુપરાંત પ્રીમિયમ એન્ટિ વાયરસ સોફ્ટવેર કોમ્પ્યુટરમાં ઈન્સ્ટોલ કરવા જોઈએ.

સાયબર ધમકીઓ વિશે જનજાગૃતિમાં વધારો થાય તે જરુરી છે. સાયબર હુમલાઓ, વ્યૂહરચના, નિવારક પગલાં અને યોગ્ય પ્રતિસાદ વગેરે પર યુઝર્સને શિક્ષણ આપવું જરુરી છે. ખાસ કરીને શાળાઓ, હોસ્પિટલો અને સરકારી અને ખાનગી બંને ક્ષેત્રોમાં જાગૃતિ અભિયાનો મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. આવા વ્યાપક અભિગમો દ્વારા જ સાયબર સુરક્ષા સાચા અર્થમાં મેળવી શકાય છે. જેનાથી ડિજિટલ લેન્ડસ્કેપનું રક્ષણ કરી શકાય છે.

હેકર્સ સાયબર હુમલાઓ કરવા માટે નકલી વેબસાઈટ્સ અને રેન્સમવેર સહિતના માલવેરનો વધુમાં વધુ ઉપયોગ કરે છે. નેશનલાઈઝ્ડ બેંક અને વિશ્વસનીય કોર્પોરેટ્સની નકલ કરતી બોગસ વેબસાઈટની જાળમાં યુઝર્સ સરળતાથી ફસાઈ જાય છે. આ એક ચિંતાનો વિષય છે. યુઝર્સને અનબિલિવેબલ ઓફર્સથી લલચાવવામાં આવે છે. એકવાર યુઝર્સ ફસાઈ જાય ત્યારબાદ તેની વ્યક્તિગત અને નાણાકીય માહિતી મેળવી શકે છે.

# ૧૦ હજાર પ્રાથમિક કૃષિ સહકારી મંડળીઓનું ડિજિટાઈઝેશન

ગુજરાતની અંદાજે દસ હજાર પ્રાથમિક કૃષિ સહકારી ધિરાણ મંડળીઓ-પેક્સનું ડિજિટાઈઝેશન થતાં ખેડૂતોને ધિરાણ આપવાનું કામ સરળ બનશે. ડિજિટાઈઝેશન સાથે પેક્સને એકાઉન્ટિંગનું સોફ્ટવેર પણ સરકાર જ આપશે. પેક્સના હોદ્દેદારો ખેડૂતો જ હોય છે. આ મંડળીઓ પાક ધિરાણ આપવાનું કામ કરે છે. બિયારણ, ખાતર, જંતુનાશકો માટે જરૂરી પૈસાની વ્યવસ્થા પ્રાથમિક કૃષિ સહકારી ધિરાણ મંડળીઓ ધિરાણ આપીને કરી આપે છે. નાના સીમાંત ખેડૂતો સહિતના ખેડૂતોને પાક લેવા, બિયારણ લેવા, ખેતીના ઓજારો લેવા માટે ધિરાણ આપે છે.

આ પેક્સ આજે અનેક પડકારોનો સામનો કરી રહી છે. પેક્સ દ્વારા ખેડૂતોને આપવામાં આવતા ધિરાણનો રેકોર્ડ કાગળના સ્વરૂપમાં સાચવી રાખવામાં આવે છે. આ પેક્સ પાસે સ્ટાન્ડર્ડ એકાઉન્ટિંગની સિસ્ટમ જ નથી. આ પ્રાથમિક કૃષિ સહકારી ધિરાણ મંડળીઓ રાજ્ય સહકારી બેંકો કે પછી જિલ્લા સહકારી બેંકો સાથે ઓનલાઈન જોડાયેલી નથી. પરિણામે પ્રાથમિક કૃષિ સહકારી મંડળીઓમાં ખેડૂતોને ધિરાણ આપવામાં કોઈ ગરબડ થાય તો તેનો અંદાજ મેળવવો મુશ્કેલ બની જાય છે. કોમ્પ્યુટર ન હોવાથી સભ્ય ખેડૂતોને પણ



ધિરાણ મેળવવામાં વિલંબનો સામનો કરવો પડી રહ્યો છે.

દેશની ૬૫૦૦૦ પેક્સનું કોમ્પ્યુટરાઈઝેશન થશે. પ્રથમ તબક્કામાં રૂા. ૨૫૧૬ કરોડના ખર્ચે આ કામગીરી પાર પાડવામાં આવશે. તેનાથી ગરીબ અને સીમાંત ખેડૂતોને નવી તાકાત મળશે. સ્ટેટ કોઓપરેટીવ બેંક અને જિલ્લા સહકારી બેંકના માધ્યમથી તમામ પેક્સને નાબાર્ડ સાથે જોડી દેવામાં આવશે.

દરેક પેક્સને એક કોમ્પ્યુટર, હાર્ડવેર અને એકાઉન્ટિંગ અને લોનની પ્રક્રિયાને સરળ કરી આપતું સોફ્ટવેર આપવામાં આવશે. દરેક રાજ્યની પોતાની ભાષામાં ચાલતું આ સોફ્ટવેર છે. ઈઆરપી આધારિત સોફ્ટવેરની મદદથી સમગ્ર દેશની પેક્સને એક સાથે જોડી શકાશે. પેક્સને લગતી તમામ કામગીરી સંભાળી લેવાને આ સોફ્ટવેર સક્ષમ છે. તેની મદદથી અનાજના ગોદામની સેવા, ગેસ જોડાણ અને પેટ્રોલ પમ્પની સેવા પણ આપી શકશે. ખેડૂતોને આપવામાં આવતા રૂ. ૫ લાખ કરોડના વાષક ધિરાણ માટેની એક સર્વસામાન્ય કે સ્ટાન્ડર્ડ સિસ્ટમ ઊભી થઈ જશે. પરિણામે પેક્સ અને રાજ્ય સહકારી બેંક તથા જિલ્લા સહકારી બેંકની ભાગીદારી વધુ સંગીન બનશે.

ખાસ નોંધ : સોહમ૨૪ ન્યુઝનાં આર્ટીકલમાં આપેલ માહિતી ઈન્ટરનેટના માધ્યમથી પ્રાપ્ત થયેલ છે



ધ્રાંગધ્રા શહેરમાં ટ્રાફીક સમસ્યા અને રાત્રે અસામાજીક તત્વોના ત્રાસથી વેપારીઓ ત્રાહિમામ પોકારી ગયા છે. આ બાબતે વેપારીઓએ ગત તા.૧૮-૧૦ ના રોજ ધ્રાંગધ્રા ડીવાયએસપીને વેપારીઓએ રૂબરૂ મળી તહેવામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેવી માંગ સાથે રજૂઆત કરવામાં આવી છે.અને બજારમાં અસામાજીક તત્વો સામે કડક હાથે પગલાં લેવાની માંગ સાથે ધ્રાંગધ્રા ડીવાયએસપી જે.ડી.પુરોહીતને આવેદન આપવામાં આવ્યુ છે.

# લઘુત્તમ ટેકાના ભાવથી ખરીફ પાકની ખેડૂતો પાસેથી સીધી ખરીદી સરકાર કરશે

## ડાંગર, બાજરી, જુવાર, મકાઇની ટેકાના ભાવે ખરીદી લાભપાંચમથી

સુરેન્દ્રનગર :

ખેડૂતોને તેઓના પાકના પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે ખરીફ માર્કેટીંગ સીઝન ૨૦૨૪- ૨૫ અન્વયે રાજ્ય સરકાર દ્વારા લઘુતમ ટેકાના ભાવે ડાંગર, બાજરી, જુવાર, રાગી, મકાઈની ખરીદી ગુજરાત રાજ્ય નાગરીક પુરવઠા નિગમ લી. મારફતે કરવામાં આવનાર છે. લઘુતમ ટેકાના ભાવે વેચાણ કરવા ઈચ્છુક ખેડૂતોની ઓનલાઈન નોંધણી સમગ્ર રાજયમાં સ્થાનિકે ગ્રામ્ય કક્ષાએ વી.સી.ઈ. મારફતે તેમજ તાલુકા કક્ષાએ નિગમના ગોડાઉન ખાતે તા.૩૧/૧૦/ ૨૦૨૪ સુધી ખેડુત ખાતેદારના બાયોમેટ્રીક ઓથેન્ટીકેશન દ્વારા જ કરવામાં આવશે. ટેકાના ભાવે ખરીદી તા.૦૬/૧૧/૨૦૨૪ (લાભપાંચમ) થી તા.૧૫/ ૦૧/૨૦૨૫ દરમ્યાન કરવામાં આવશે. બાજરી, જુવાર તથા રાગીમાં ટેકાના ભાવ ઉપરાંત રાજ્ય સરકાર દ્વારા પ્રતિ ક્વિન્ટલ રૂ.૩૦૦/- નું બોનસ આપવામાં આવશે.

નોંધણી માટે જરૂરી પુરાવા જેવા કે, આધાર કાર્ડની નકલ, અધ્યતન ગામ નમુનો ૭, ૧૨, ૮-અ ની નકલ, ગામ નમુના ૧૨માં પાક વાવણી અંગે એન્ટ્રી ના થઇ હોય તો પાકની વાવણી અંગેનો તલાટીના સહી સિક્કા સાથેનો દાખલો, ખેડુતના નામના બેંક ખાતાની વિગત જેમ કે બેંક પાસબુકની નકલ અથવા કેન્સલ ચેકની નકલ સાથે લાવવાની રહેશે. રાજ્યના ખેડુતો તેઓનો પાક લઘુતમ ટેકાના ભાવે વેચાણ કરવા ઈચ્છુક હોય તેઓની ઓનલાઈન નોંધણી ફરજીયાત હોઇ આ માટે સંબંધિત ગ્રામપંચાયતનો સંપર્ક કરી નોંધણી કરાવવા ખાસ અનુરોધ કરવામાં આવ્યો છે.

ટેકાના ભાવે ખરીદી માટે નોંધણી કરાવેલ ખેડુતોને જીસ્જી મારફતે ખરીદી અંગેની જાણ કરવામાં આવશે. ખરીદી સમયે ખેડુતે પોતાનુ આધારકાર્ડ/ઓળખપત્ર સાથે રાખવાનું રહેશે. ખેડુત ખાતેદારના બાયોમેટ્રિક ઓથોન્ટીકેશન દ્વારા જ જથ્થો ખરીદ કરવામાં આવશે. નોંધણી કરાવતી વખતે તમામ ડોકયુમેન્ટસ સુવાચ્ય રીતે અપલોડ થાય તથા માગ્યા મુજબના જ અપલોડ થાય તેની નોંધણી સ્થળ/કાઉન્ટર છોડતા પહેલા ખાસ કાળજી રાખવાની રહેશે. ડોક્યુમેન્ટની ચકાસણી દરમ્યાન જો ખોટા ડોક્યુમેન્ટ અપલોડ કરાયા હોવાનું ધ્યાને આવશે તો ક્રમ રદ થશે અને ખરીદી માટે જાણ નહી કરવામાં આવે તેની ખાસ નોંધ લેવાની રહેશે. નોંધણી બાબતે કોઈ મુશ્કેલી જણાય તો હેલ્પલાઈન નંબર ૮૫૧૧૧૭૧૭૧૮ તથા ૮૫૧૧૧૭૧૭૧૯ ઉપર સંપર્ક કરવાનો રહેશે તેમ નાયબ જિલ્લા મેનેજર, ગુજરાત રાજય નાગિરક પુરવઠા નિગમ લી. ની યાદીમાં જણાવાયું છે.

# રામગ્રી ગામની ચોરીમાં પોલીસે બે શખ્સો ઝડપ્યા

સુરેન્દ્રનગર :

સુરેન્દ્રનગરમાં ઘરફોડ ચોરીનો ગુનો ડીટેકટ કરી સોના ચાંદીના દાગીના તથા રોકડ રકમ રૂ.૩૦,૦૦૦/- નો મુદામાલ મળી કૂલ કી.રૂ.૩૬૦૦૦/-ના મુદામાલ સાથે બે ઇસમોને પોલીસે ઝડપી લીધા છે. એલ.સી.બી.પોલીસ ઈન્સ્પેકટર જે.જે.જાડેજા તથા પેરોલ ફર્લો સ્કોડ ઈન્ચાર્જ પોલીસ સબ ઈન્સ્પેકટર એ ન.એ.રાયમાંનાઓએ એલ.સી.બી. તથા પેરોલ ફર્લો સ્કોડ સ્ટાફની અલગ અલગ ટીમો બનાવી મિલ્કત સંબંધી ગુન્હાઓ બનતા અટકે તે માટે કામ કરી રહી છે. સુરેન્દ્રનગર જીલ્લામાં ઘરફોડ ચોરીઓ તેમજ વાહન ચોરીઓના ગુનાઓ બનતા હોય છે. જે ગુનાઓ ડીટેકટ કરવા માટે અલગ અલગ ટીમો બનાવી અસરકારક કાર્યવાહી કરવામાં આવે છે.



ત્યારે પેરોલ ફર્લો સ્કોડ ના સંજયભાઇ પ્રવિણભાઈ પાઠક ને બાતમી હકીકત મળેલ કે બે ઈસમો જેમા એક ઇસમે શરીરે લીલા કલરનુ ટીશર્ટ પહેરેલ છે તથા બીજા ઇસમે ભુખરા કલરનો શર્ટ તથા કાળા કલરનું જીન્સ પેન્ટ પહેરેલ છે અને જેઓએ અગાઉ ચોરી કે છળકપટથી મેળવેલ મુદામાલના દાગીના છે કયાંક છુપાવા જવાની પેરવીમા નિકળનાર છે જે બાતમી હકીકત આધારે વોચમા હતા તે દરમ્યાન (૧) ભાણજીખાન મુરીદખાન મલેક જાતે.જત ઉ.વ.૪૫ ધંધો-ખેત મજુરી રહે- ગામ- સેડલા તા.પાટડી અને (૨) કાંતીભાઈ ઈશ્વરભાઇ ડાભી જાતે અનુ.જાતી. ઉ.વ.૩૮ ધંધો-ખેત મજુરી રહે-ગામ- માલવણ ચોકડી પાસે વણકરવાસ તા.પાટડી વાળાને ઝડપી લીધા છે.

શખ્સો શંકાસ્પદ રીતે નિકળતા તેઓને રોકી તાલસી લીધી હતી. તેઓની પાસેથી (૧) જુના સફેદ ધાતુના છડા જોડ-૦૨ વજન આશરે- ૬૫ ગ્રામ હોય જેની કી.રૂ.૫૦૦૦/- તથા (૨) ખડક પાટલા નંગ-૦૨ જેના ઉપર પીળા કલરની વરખ ચડેલ છે જેની કી.રૂ.૧૦૦૦/- તથા કૂલ રોકડ રૂ.૩૦,૦૦૦/- નો મુદ્દામાલ મળી આવ્યો છે. ઝડપાયેલ આરોપીઓની પુછપરછ કરતા આજથી અઢારેક દીવસ પહેલા રામગ્રી ગામેથી ચોરી કરેલ ની કબુલાત કરી હતી. આથી પોલીસે ચોરીનો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી કરી આગળની કાર્યવાહી અર્થે બજાણા પોલીસ સ્ટેશન ખાતે સોંપી આપેલ છે.

# રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ સુરેન્દ્રનગર દ્વારા વિજયાદશમી ઉત્સવ યોજાયો

સુરેન્દ્રનગર :

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ સુરેન્દ્રનગર દ્વારા વિજયાદશમી ઉત્સવ ઉત્સાહ પૂર્ણ માહોલમાં યોજાયો હતો. નીલકંઠ વિદ્યાલય રતનપરના પ્રાંગણમાં વિજયાદશમી ઉત્સવની ઉત્સાહ પૂર્ણ માહોલમાં ઉજવણી કરવામાં આવી. જેમાં સૌ પ્રથમ ૧૦૦ જેટલા સ્વયંસેવકો દ્વારા નિલકંઠ વિદ્યાલયથી શિસ્તબદ્ધ રીતે નિર્ધારિત રૂટ પર પથ સંચલન કરવામાં આવ્યું હતું.



જે બાદ જાહેર કાર્યક્રમ યોજવામાં આવેલ જેમાં ઉપસ્થિત મહેમાનો દ્વારા શસ્ત્ર પૂજન કર્યા બાદ સ્વયંસેવકો દ્વારા દંડ, વ્યાયામ યોગ તથા સમતાના વિવિધ પ્રયોગો કરવામાં આવ્યા.

આ કાર્યક્રમમાં સંઘના જિલ્લા સંઘચાલક ડૉ. નિલેશભાઈ, પ્રાંત સહબૌદ્ધિક પ્રમુખ ચંદ્રકાંતભાઈ, નગર સંઘ ચાલક ખીમજીભાઈ તેમજ અતિથિ વિશેષ તરીકે ડૉ. અમિતભાઈ મિશ્રા વગેરે ઉપસ્થિત રહેલ. જેમાં ડૉ.અમિત મિશ્રાએ સમાજ દ્વારા ઘણુ મળ્યુ હવે સમાજને આપવા કટીબધ થવા આહવાન કર્યું તથા વિજ્યાદશમી પર્વના મહત્વ વિશે અને ચંદ્રકાંતભાઈ એ સંઘ ના ૧૦૦ માં પ્રવેશ નિમિતે ભારત ની વધતી શાખ અને એ શાખ સાથે સમાજ પરિવર્તન અને પંચ પરિવર્તન કાર્યક્રમો દ્વારા સમાજ માં પરિવર્તન કેવી રીતે લાવી શકાય એ વિશે ઊંડાણ પૂર્વક વાત રજૂ કરેલ. તથા સંઘ કાર્ય પરિસ્થિતી નિરપેક્ષ કોઈ પણ તિથિ, દિવસ માં કાર્ય કરવું, ટાઢ તડકો કે વરસાદ ની ચિંતા વગર કાર્ય પૂર્વ ભૂમિકા સાથે વક્તા નું ઉદબોધન કર્યુ હતુ. આ પ્રસંગે ઉપસ્થિત તમામ સ્વયંસેવકો, નગરજનો દ્વારા કાર્યક્રમના અંતે શસ્ત્રપૂજન કરવામાં આવ્યુ હતુ.

## સોહમ્ ધાર્મિક

# સાંસ્કૃતિક વિરાસત 'દીપોત્સવ'

આ પણ, ભારત દેશની સાંસ્કૃતિક વિરાસતમાં 'દીપોત્સવ' પર્વનું અનોખું સ્થાન છે. મહાકવિ કાલિદાસે કહ્યું છે કે 'મનુષ્યો ઉત્સવપ્રિય હોય છે.' તહેવારો અને લોકોત્સવોમાં આપણા સાંસ્કૃતિક વારસાની ઝાંખી થાય છે. ઉત્સવો દ્વારા વ્યક્તિના આનંદોલ્લાસનો, આહલાદ પ્રમોદનો પરિચય થાય છે. ધનતરેસથી માંડીને ભાઈબીજ સુધીના પાંચ દિવસોમાં આવતા પાંચ પર્વો આપણી ભારતીય સંસ્કૃતિનું 'પંચામૃત' છે.

પુરાણોમાં દીપાવલી પર્વની તથા દીપદાનની શાસ્ત્રીય ચર્ચા કરવામાં આવી છે. લોક વ્યવહારમાં આસો વદ બારશ-વાઘબારશથી શરૂ કરી કારતક સુદ બીજ સુધીના છ દિવસોનું આ મંગલપર્વ ગણાય છે. પ્રકાશ અને પ્રગતિના સમન્વયના પ્રતીક સમા આ દીપાવલી પર્વમાં અબાલવૃદ્ધ સૌ પરમ શ્રદ્ધાપૂર્વક જીવનને સુખમય, શાંતિમય, સમૃદ્ધિમય તથા ઉર્જામય બનાવવા અગ્નિદેવને પ્રાર્થના કરે છે. વાઘબારશ એ દિવાળીના પર્વની શરૂઆતનો દિવસ છે. ગુજરાતના લોકો આજના દિવસથી પોતાના નિવાસસ્થાનના ઊંબરાનું પૂજન કરવાનો આરંભ કરે છે. વાઘબારશના કુલ ત્રણ નામો જાણીતાં છે. વાક બારસ, વાઘ બારશ અને વસુબારશ આ દિવસે વિદ્યાદાત્રી, કલાદાત્રી, વિવેકદાત્રી માતા સરસ્વતી દેવીની આરાધના કરવાનો મહિમા છે કહેવાય છે કે આપણાથી આપણા કરતાં મોટાં કે નાનાં લોકોનું મન ન દુભાય તેવી વાણી બોલવી વાઘ સામર્થ્યનું પ્રતીક છે. મનુષ્યે નૂતન વર્ષના નૂતન પ્રારંભ માટે સામર્થ્ય યુક્ત તથા પરાક્રમ સંપન્ન બનવાનું છે. વસુ એટલે કે ગાય 'ગોવત્સદ્વાદશી' તરીકે પણ ઓળખાતા આ દિવસે વાછરડા સાથેની ગાયનું પૂજન કરવાનું ધર્મશાસ્ત્રોમાં કહ્યું છે. ગાયમાં ૩૩ કરોડ દેવી દેવતાઓ બિરાજમાન હોવાથી ગાયનું પૂજન કરવાથી બધાં જ દેવતાઓનું પૂજન થઈ જાય છે. ધનતેરશના દિવસે લોકવ્યવહાર મુજબ ધનનું, લક્ષ્મીજીનું કે ધન-સંપત્તિના દેવ, ઐશ્વર્ય પ્રદાતા કુબેરનું પૂજન કરવામાં આવે છે. આ દિવસે આયુર્વેદના દેવતા ભગવાન ધન્વન્તરિનો જન્મ થયો હતો. ચિકિત્સશાસ્ત્રના નિષ્ણાત અને દેવતાઓના વૈદ્ય ધન્વન્તરિની પૂજા કરવાથી પરિવારના બધાં સભ્યો સ્વસ્થ રહે છે. કાળી ચૌદશનું બીજું નામ નરકચતુર્દશી કે રૂપચૌદશ પણ છે. આ દિવસે ભગવાન શ્રીકૃષ્ણએ નરકાસુર નામના



અસુરનો વધ કરીને પ્રજાજનોને તેના ત્રાસમાંથી ઉગાર્યા હતા. તાંત્રિકો આ દિવસે મહાકાળી દેવી અને હનુમાનજીની ઉપાસના અને મન્ત્રવિધિઓ દ્વારા સફળતા પ્રાપ્ત કરે છે. મહાકાલીની ઉપાસના કરવાથી આધ્યાત્મિક પ્રગતિ થાય છે અને ભવિષ્યમાં આવી પડનારા સંકટોમાંથી બચી શકાય છે.

દિવાળી એટલે અધર્મ અને અસત્યના અંધકારની સામે ધર્મ અને સત્યના પ્રકાશનો વિજય. અધર્મ અને અહંકારના પ્રતીક સમા લંકાધિપતિ રાવણ ઉપર વિજય મેળવીને રામ પોતાના પત્ની સીતાજી અને અનુજ લક્ષ્મણ સાથે અયોધ્યામાં પધાર્યા, તેની ખુશાલીમાં અયોધ્યાવાસીઓએ દીવડાઓ પ્રગટાવી તેમનું સ્વાગત કર્યું. 'મહાભારત'માં પાંડવોનો ચૌદ વર્ષનો વનવાસ સમાપ્ત થતાં હસ્તિનાપુરમાં આગમન થયું. હરખઘેલા બનેલા પ્રજાજનોએ દીવડાઓ પ્રગટાવી તેમનું સ્વાગત કર્યું. 'કાલિકાપુરાણ' પ્રમાણે આ દિવસે મહાદેવી કાલિકાએ અનેક રાક્ષસોનો સંહાર કર્યો. દેવો અને મનુષ્યોએ દીપ પ્રાગટય દ્વારા મહાદેવીના વિજયને વધાવી લીધો. મહારાજા પૃથુએ પૃથ્વીનું દોહન કરીને દેશને ધનધાન્યથી સમૃદ્ધ બનાવ્યો. સમ્રાટ અશોકે કલિંગના યુદ્ધમાં વિજય મેળવ્યો. આ બધાં પ્રસંગોમાં વિજયપ્રાપ્તિનો આનંદોલ્લાસ દર્શાવવામાં આવે છે. જૈન ધર્મ અનુસાર - આ પવિત્ર દિવસે ભગવાન મહાવીર સ્વામી નિર્વાણ-મોક્ષ પામ્યા હતા અને તેમના મુખ્ય શિષ્ય ગૌતમ સ્વામીને કેવળ જ્ઞાન-સંપૂર્ણ જ્ઞાન થયું હતું.

કારતક સુદ એકમને 'બેસતું વર્ષ' કહેવાય છે. કારણ કે આ દિવસે વિક્રમના નવા સંવતનો આરંભ થાય છે. લોકો પ્રાતઃકાળમાં વહેલા ઉઠી જઈ અભ્યંગસ્નાન કરી લક્ષ્મીજીનું, કુબેરજીનું, ગોવર્ધનનું પૂજન કરી વિવિધ મિષ્ટાન્ન વાનગીઓ વડે અન્નકૂટ કરે છે. દેવમંદિરોમાં ઈષ્ટદેવતાનું પૂજન કરીને, પોતાના સગાં-સ્નેહીઓને નૂતન વર્ષની શુભેચ્છાઓ પાઠવે છે. કારતક સુદ બીજને 'યમદ્વિતીયા' કે ભાઈ બીજ કહે છે. બહેન યમુનાએ પોતાના ભાઈ યમની પૂજા કરી જમાડેલા તે પરંપરાની ઉજવણીમાં બહેન પોતાને ઘેર ભાઈને જમાડે છે.

માત્ર ભારતદેશમાં જ નહિ, પરંતુ શ્રીલંકા, થાઈલેન્ડ, મલેશિયા, સિંગાપુર, ન્યૂઝીલેન્ડ વગેરે દેશોમાં પણ 'દીપાવલી' નો ઉત્સવ મનાવવામાં આવે છે. દિવાળી આપણા માટે કર્મઠતા અને જાગરૂકતાનો સંદેશ લાવે છે. ભારતે જ્ઞાનરૂપી પ્રકાશની સાધના કરીને સમગ્ર વિશ્વમાં ભારતીય સંસ્કૃતિનો શંખનાદ કરવાનો છે. આ ઉમદા અને ભગીરથ કાર્યની પરિપૂર્તિ માટે આપણે 'બૃહદારણ્યક ઉપનિષદ'ના મંત્રનું સ્મરણ કરીએ : ઓમ અસતો મા સદ્ગમય, તમસો મા જ્યોતિર્ગમય' અર્થાત્ હે પરમાત્મા અમને સૌને અસત્યમાંથી સત્ય તરફ તથા અંધકારમાંથી પ્રકાશ તરફ લઈ જાઓ.

- ડો. યોગિની વ્યાસ

# અજ્ઞાનના અંધારાને દૂર કરી જ્ઞાનનો પ્રકાશ પ્રસરાવતુ પર્વ દિવાળી

અજ્ઞાનના અંધારાને દૂર કરી જ્ઞાનનો પ્રકાશ પ્રસરાવતું પર્વ એટલે દિવાળી. 'અસતોમા સદ ગમય, તમસોમા જ્યોતિર્ગમય' એ ઉપનિષદોના મંત્રોને સાર્થક કરતુ પર્વ એટલે દિવાળી. દિપોત્સવની શરૂઆત 'વાઘ બારસ' થી થાય. સામાન્ય રીતે વાક બારસને આપણે 'વાઘ બારસ' કહેતાં હોઈએ છીએ. પણ સાચો શબ્દ 'વાક' છે. વાક એટલે સરસ્વતિ માતાજી અને તેમની પૂજાનું પણ મહત્ત્વ આ બારસને દિવસે છે. વાક બારસનું બીજુ નામ છે 'ગોદ્વાદશી'. આ સમયે 'ગૌ' પૂજાનું વિશેષ મહત્ત્વ છે. શ્રીમદ્ ભાગવતજી અનુસાર વિદ્વાનોનું માનવું છે કે, બ્રહ્માજીએ જે વાછરડા અને ગોવાળિયાઓનું અપહરણ કર્યુ હતું એને બારસના દિવસે મુક્ત કરી ભગવાન શ્રીકૃષ્ણને સોંપ્યા. ત્યારથી આ બારસ ગોદ્વાદશીના નામે પ્રસિદ્ધ છે. તિથિઓમાં બારસ એ ભગવાન વિષ્ણુનુ સ્વરૂપ છે.

ધનતેરસના દિવસે ભગવાન ધન્વન્તરી અમૃત કળશ લઈને પ્રગટ થયાં. ભગવાન ધન્વન્તરીએ ઔષધીઓ પણ પ્રગટ કરી. સામાન્ય રીતે ધનતેરસના દિવસે આપણે ધનની પુજા કરીએ છીએ પણ ધન્વન્તરી ભગવાનની પુજાનું મહત્ત્વ એટલા માટે છે કે સૌથી મોટામાં મોટું ધન એ આરોગ્ય છે. આપણું શરીર સારું રહે એનાથી બીજું મોટું કોઈ ધન નથી. આપણા શાસ્ત્રોએ માત્ર રૂપિયા પૈસાને જ ધન નથી માન્યું. ગાય, અશ્વ એ પણ ધન સંપત્તિ જ છે. માટે બ્રાહ્મણો આશિર્વાદ આપતાં કહે છે કે, 'ગોવાજીરસ્તુ'. ધનતેરસના દિવસે ભગવાન કુબેર, ભગવાન વિષ્ણુ અને લક્ષ્મી માતાજીનું પુજન કરવામાં આવે છે.

કાળી ચૌદશ એ મહાકાલી માતાજીની ઉપાસનાનું પર્વ છે. સામાન્ય રીતે કાળી ચૌદશના દિવસે બધાં કકળાટ કાઢતાં હોય છે, પણ ભાવાત્મક રીતે જોઈએ તો આપણી અંદર રહેલાં કામ, ક્રોધ, લોભ અને મોહ રૂપી કકળાટ જાય તો જ કાળી ચૌદશ આપણા માટે સાર્થક બને. મહાકાળી માતાજીએ માત્ર રક્તબીજ જેવાં જ અસુરોનો નાશ નથી કર્યો પરંતુ આપણી અંદર રહેલાં મોહ રૂપી મહિસાસુરનો નાશ કરવાવાવાળા છે. ભોમાસુરના ત્રાસથી ૧૬૧૦૦ કન્યાઓને શ્રીકૃષ્ણ ભગવાને મુક્ત કરાવીને એમનો મહારાણી તરીકે સ્વીકાર કર્યો. વિદ્વાનો માને છે કે, એ સમયે આ કાળી ચૌદશ હતી. કાળી ચૌદશને 'યમ ચતુર્દશી' પણ કહેવામાં આવે છે. આ દિવસે યમ દિપ દાનનું મહત્ત્વ છે. તેલનો દિવો કરી ઘરની બહાર મુકવાથી અથવા તો મંદિરમાં પધરાવવાથી પિતૃઓનો મોક્ષ થાય છે એવું ધર્મસિંધુ નામના ગ્રંથમાં વર્ણન છે.

દિવાળીને દિવસે દિપ પ્રગટાવવાનું મહત્ત્વ છે. ભગવાન શ્રી રામજી રાવણ ઉપર વિજય મેળવીને આવ્યાં તે સમયે અયોધ્યાના પ્રજાજનોએ શત-શત દિવડાં પ્રગટ કર્યાં. આપણી અંદર રહેલી આસુરી સંપદાનો નાશ કરી દેવી ગુણોને કેળવવાં એ જ દિવાળી. દિવાળીના દિવસે મશાલ પ્રગટાવવાનું મહત્ત્વ છે. એ મશાલ પિતૃઓને વૈકુઠ પહોંચાડવાવાળી છે. સરસ્વતિ માતાજી અને મહાલક્ષ્મી માતાજીની ઉપાસના પણ આ દિવસે થાય છે જે ચોપડા પૂજનના નામે પ્રસિદ્ધ છે.

કારતક મહિનાની સુદ પ્રતિપદા એ નૂતન વર્ષ તરીકે આપણે સૌ ઉજવીએ છીએ. આ સમયે ભગવાન શ્રી રામજીએ રાજ્યને ગ્રહણ કર્યુ. નાનામાં નાના વ્ય ક્તઓને આદર આપ્યો માટે આપણે એક-બીજાને મળતાં હોઈએ છીએ. શ્રીકૃષ્ણ ભગવાને ગિરિરાજજીની પુજાની શરૂઆત પણ આ સમયે જ કરી. તેમણે વર્ષો જુની ઈન્દ્ર-યજ્ઞાની પરંપરાને તોડી અને નવો યજ્ઞા શરુ કરાવ્યો. એ યજ્ઞાનું નામ એટલે ગોવર્ધનની પૂજા. આ પૂજા એટલે પ્રકૃતિની પૂજા.

કારતક મહિનાની સુદ બીજ એ યમ દ્વિતિયાના નામે પ્રસિદ્ધ છે. યમ રાજા પોતાના બેન યમુનાજીના ઘરે જાય છે. ભક્ત ભાવથી યમરાજાએ પોતાની બહેન યમુનાજીનું સન્માન કર્યુ. યમુનાજીએ યમદેવ પાસે માંગ્યું કે જેના ગળામાં તુલસીની કંઠી હોય અને મુખમાં શ્રીકૃષ્ણનું નામ હોય એને ત્યાં તમારે જવું નહિં. આમ, ભાઈ બહેનના મિલનનું પર્વ એટલે ભાઈબીજ.

કારતક મહિનાની સુદ પંચમી જે લાભ પંચમીના નામે પ્રસિદ્ધ છે. જેને જ્ઞાન પંચમી પણ કહેવાય છે અને પાંડવ સૌભાગ્ય પંચમી પણ કહેવાય છે. આ દિવસે પાંડવોના સૌભાગ્યનો ઉદય થયો હતો.

આમ, વાક બારસથી લઈ લાભ પંચમી સુધીના આ દિપોત્સવના પર્વો એ આધ્યાત્મક અને ભાવાત્મક વિચારોને પ્રદાન કરવાવાળા છે. આપણી અંદર રહેલી આસુરી શ ક્તનો નાશ થાય અને આપણી અંદર પણ જ્ઞાનનું સર્જન થાય, નૂતન વર્ષમાં નવા સંકલ્પો કરી આધ્યા ત્મક અને સામાજિક માર્ગને ઉજ્જવળ બનાવીએ એ જ અભ્યર્થના.. અસ્તુ.!

- ડો. કૃણાલ જોષી

ખાસ નોંધ : સોહમરજ ન્યુઝનાં આર્ટીકલમાં આપેલ માહિતી ઈન્ટરનેટના માધ્યમથી પ્રાપ્ત થયેલ છે

## સમસ્યા અને રજૂઆત

# સુરેન્દ્રનગર શહેરમાં ફડાકડા બજારની વ્યવસ્થા કરવાની માંગ



સુરેન્દ્રનગર :

આગામી દિવસોમાં દિવાળીનો તહેવાર આવી રહ્યો છે ત્યારે શહેરના જાહેર માર્ગો ઉપર આડેધડ ફટાકડાના સ્ટોલ ઉભા કરવામાં આવ્યા છે. જેમાં શહેરના હેન્ડલુમ હાઉસચોક થી ટાંકીચોક શહેરના મુખ્ય વિસ્તારમાં આ સમસ્યા સવિશેષ જોવા મળે છે.

ટાંકીચોક થી મલ્હાર ચોક, પતરાવાળી દિપુભાનાં ચોક થી રેસ્ટ હાઉસ ફુવારા તરફ વગેરે માર્ગો ઉપર ખૂબજ મોટા પ્રમાણમાં લારીઓ, પાથરણા તેમજ મંડપના સ્ટોલ ઊભા કરી ફટાકડાનું વેચાણ કરાય છે.

આ જાહેર માર્ગો ઉપર ફટાકડાનું વેચાણ થવાને કારણે શહેરમાં મોટી આગની દુર્ઘટના ઘટે તેવી ભીતિ રહેલી છે કારણ કે, જાહેર માર્ગો ઉપર હાલતા ચાલતા લોકો ધૂમ્રપાન કરતા હોય છે, સાથે ઉપરોક્ત માર્ગો ઉપર રાત્રિના સમયે ખાણીપીણીની બજાર ભરાય છે જેમાં ગેસના ચૂલા સળગતા હોય ત્યારે આજુબાજુમાં જ ફટાકડાના સ્ટોલો જોવા મળે છે.

રસ્તાઓ ઉપર ઉભા થતા ફટાકડાના આડેધડ સ્ટોલ ધારકો અને લારીઓવાળા પાસે કોઈ ફાયર સેફટીના સાધનો પણ ઉપલબ્ધ હોતા નથી કે, આગની દુર્ઘટના ઘટે તો તેને કંટ્રોલ કરી શકાય સાથે દિવાળીની ખરીદી કરવા નીકળતા લોકો જાહેર માર્ગો ઉપર ખૂબજ મોટી સંખ્યામાં એકત્રિત થતા હોય છે. જો કોઈ આગની દુર્ઘટના ઘટે તો ફાયર ફાઈટરને પણ વધુ પડતી ભીડને કારણે સ્થળ પર પહોંચવું મુશ્કેલ બને અને જોતજોતામાં આગની ઘટના ખૂબજ મોટુ સ્વરૂપ ધારણ કરે તો જાનહાની થવાની પૂરેપૂરી શક્યતા રહે છે.

લોકોના જાનમાલની સલામતીના ભાગરૂપે જાહેર માર્ગો ઉપર વેચાણ કરતા ફટાકડાની લારીઓ, પાથરણા અને મંડપ નાખીને ઉભા કરવામાં આવતા સ્ટોલ ઉપર પ્રતિબંધ મૂકવામાં આવે અને ફટાકડાના વેચાણ માટે એક એવું સ્થળ પસંદ કરવામાં આવે કે, જ્યાં કોઈ લોકોના જાનમાલને નુકસાન ન થાય અને શહેરીજનો સરળતાથી ત્યાંથી ફટાકડા ખરીદી શકે તેવી એક ફટાકડા બજાર શહેરમાં ખુલ્લી યોગ્ય જગ્યા પસંદ કરી ત્યાં શરૂ કરવામાં આવે તેવી માંગ જનકલ્યાણ ફાઉન્ડેશનના પ્રમુખ સુમિતભાઈ ઉમરાણીયાએ સુરેન્દ્રનગર કલેકટરને ઈ-મેલથી રજૂઆત કરી છે.

# આપના આગેવાનને ખભે બેસાડયા પોલીસ મથકે હાજર કરાયા

## ગોપાલ ઈટાલીયાએ અધિકારીરાજ સામે લગાવ્યા આરોપ




સુરેન્દ્રનગર :

પંડિત દિનદયાલ હોલ ખાતે ૧૪ ઓક્ટોબર ના રોજ વિકાસ સપ્તાહ અંતર્ગત કાર્યક્રમોમાં મંત્રીને રજૂઆત કરવા ગયેલા આગેવાન પર ફરીયાદ થતા સ્થાનિક લોકો અને આમ આદમી પાર્ટી દ્વારા ઢોલ નગારા સાથે બી ડિવિઝન પોલીસમાં મથકે પહોંચ્યા હતા. આગેવાન અમૃત મકવાણા પર પ્રાંત અધિકારી દ્વારા પૂર્વ આયોજિત કાવતરા અંતર્ગત બી ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હોવાના આક્ષેપ કરવામાં આવ્યા છે, ત્યારે ફરિયાદના પગલે સ્થાનિક લોકો તેમજ આમ આદમી પાર્ટીમાં રોષ જોવા મળ્યો હતો, ત્યારે આમ આદમી પાર્ટીના ગોપાલ ઈટાલીયા, રાજુ કપરડા સહિતના આગેવાનો દ્વારા અમૃત મકવાણાને ખભે બેસાડી બી ડિવિઝન પોલીસમાં મથકે હાજર થવા પહોંચ્યા હતા.

આમ આદમી પાર્ટીના નેતા ગોપાલ ઈટાલીયા એ પોલીસ વિભાગ અને તંત્ર સામે જિલ્લામાં દારૂ, ચોરી, લૂંટ-જુગાર અને ખનીજ ચોરી મામલે તંત્રને આડે હાથ લીધી હતી અને આક્ષેપ કર્યા હતા કે, અધિકારીઓ અને બીજેપીના નેતાઓ ભ્રષ્ટાચારમાં મસ્ત હોય તેથી જિલ્લામાં આવી પરિસ્થિતિનું નિર્માણ થયું છે. આ અંગે DYSP વી.બી.જાડેજાએ પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે, તેઓ પોલીસ સ્ટેશને હાજર થવા પહોંચ્યા હતા અને તેઓની રજૂઆત સાંભળી અને નોટિસ આપી તેઓને જવા દેવામાં આવ્યા હતા. પોલીસની તપાસમાં તેઓ સાથ સહકાર આપશે તેવી તેઓએ ખાતરી આપી હતી.

# સ્મશાનમાં લાકડાના ખૂટી જતા રોષ

વઢવાણ :

વઢવાણ સ્મશાનમાં લાકડાનો અભાવ હોવાથી રોષની લાગણી જોવા મળી રહી છે. વઢવાણ ભોગાવો નદી કાંઠે આવેલ સ્મશાન જર્જરિત બન્યાની ફરિયાદ વચ્ચે સ્મશાનમાં લાકડા ન હોવાથી અંતિમ સંસ્કાર માટે આવતા લાકો મુશ્કલી અનુભવી રહ્યા છે. વઢવાણના સ્મશાનમાં વહીવટ કથળતા અસ્થિ વિસર્જન, લાકડાની ઘટ, ગેસની ભઠ્ઠી બંધ જેવી સમસ્યાનો સામનો કરવાની નોબત આવતા રોષની લાગણી ઉભી થવા પામી છે. વઢવાણના સ્મશાનમાં લાકડા ખૂટી જવાની સમસ્યા સર્જાતા હાલાકીનો સામનો લોકો કરી રહ્યા છે.

**વેચવાનું છે**
બે ઓફિસ પાસે-પાસે, મીડલ પોઈન્ટ-૨ બીજા માળે, બેસાઈડની મોકાની, મેગામોલની બાજુમાં, સુરેન્દ્રનગર.
Mo.98255 96950
98791 90649

**મકાન વેચવાનું છે**
૧૧૬ વાર જગ્યા, જૈન સોસાયટી ૩ રૂમ, એક હોલ, કીચન સાથે, બ્લોક નં. ૭૪, વર્ધમાનનગર સોસાયટી, સુરેન્દ્રનગર. Mo.98791 90649, 94296 46093

**જોઈએ છે**
ફર્નિચર, એલ્યુમીનીયમ સેકશન અને ફેબ્રીકેશન નું કામ કરી શકે તેવા કારીગરો
M.80006 80802

**જન્મ દિવસની શુભેચ્છા**
સોહમ્ ૨૪ સાપ્તાહિકમાં આપના બાળકના જન્મ દિવસની તસવીર નિ:શુલ્ક છાપી આપીશુ...
બાળકની તસવીર તેમના જન્મના પ્રમાણપત્ર સાથે જરૂરી છે
૧૦ દિવસ પહેલા સંપૂર્ણ વિગતો આપવાની રહેશે
બાળકની ઉંમર ૧૦ વર્ષથી વધુ ન હોવી જોઈએ...
**સોહમ્ ૨૪ સાપ્તાહિક**
રાજનાથ મહાદેવ મંદિર પાસે, કુથુંનાથ દેરાસર ચોક, રાજનાથ ચેમ્બર, શોપ નંબર - ૨, પહેલા માળે, સુરેન્દ્રનગર.

**આપના ધંધા વ્યવસાયની જાહેરાતનું સચોટ માધ્યમ**



આપના બજેટમાં જ આપના ધંધાનો વિકાસ...
તો પછી રાહ કોની જુઓ છો..
આજે આપની જાહેરાત બુક કરાવો
અને મેળવો આકર્ષક લાભ...
75750 20982
સોહમ્ ૨૪ સાપ્તાહિક
રાજનાથ મહાદેવ મંદિર પાસે, કુથુંનાથ દેરાસર ચોક, રાજનાથ ચેમ્બર, શોપ નંબર - ૨, પહેલા માળે, સુરેન્દ્રનગર.
Email : soham24info@gmail.com
www.soham24.com

# સુરેન્દ્રનગર શહેરમાં પોલીસ પરિવાર દ્વારા શરદપૂર્ણિમાએ રાસ ગરબા યોજાયા




સુરેન્દ્રનગર : (અહેવાલ : અશોક રાઠોડ ) પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે સુરેન્દ્રનગર જિલ્લા પોલીસ પરિવાર દ્વારા શરદપૂર્ણિમા ઉત્સવ તા.૧૯-૧૦ ના રોજ ઉજવાઈ ગયો. આ આયોજન પોલીસ પરિવારના સભ્યો નવરાત્રી ઉત્સવના આનંદની અળગા ન રહે તેને ધ્યાનમાં રાખીને કરવામાં આવ્યુ હતુ. આ પ્રસંગે ઉપસ્થિતમાં સુરેન્દ્રનગર જિલ્લા પોલીસ વડા ડૉ. ગિરીશભાઈ પંડ્યા. લીંબડી ચોટીલા ડીવાયએસપી વી.એમ.રબારી, ધ્રાંગધ્રા ડીવાયએસપી જે.ડી.પુરોહિત, જિલ્લા કલેક્ટર કે.સી.સંપટ ઉપસ્થિત રહ્યા છે. આ પ્રસંગ દુધરેજ વડવાળા મંદિરના કોઠારી મહંત મુકુંદરામબાપુ, થાનગઢ વાસુકી મંદિરના મહંત તેમજ સાયલાના મહંત અને સ્વામી સંપ્રદાયના મહંત વિગેરેઓનું સાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યુ હતુ. અનેક તાલુકાના પોલીસ પરિવારની નાની બાળાઓએ રાસ ગરબા સ્પર્ધામાં ઈનામો પ્રાપ્ત કર્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવામાં પોલીસ અધિકારી તથા પોલીસ કર્મચારીઓએ જહેમત ઉઠાવી હતી.

## વઢવાણમાં દાઉદી વ્હોરા જમાત દ્વારા રક્તદાન કેમ્પ યોજાયો

વઢવાણમાં દાઉદી વ્હોરા જમાત દ્વારા રક્તદાન કેમ્પ યોજાયો હતો. દાઉદી વ્હોરા સમાજના ધર્મગુરુ હિઝ હોલીનેશ ડો.સૈયદના આલીકદર મુફદ્દલ સૈફુદ્દીન મૌલના ૮૧ મા જન્મ દિવસ નિમિત્તે દાઉદી વ્હોરા સમાજ વઢવાણ તરફથી બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો હતો. જેમાં લાઈફ લાઈન બ્લડ બેંકના સહયોગથી કેમ્પનું આયોજન તા.૨૦-૧૦ ને રવિવારે યોજાયો હતો. યોજાયેલ આ કેમ્પમાં સમાજના યુવાનો દ્વારા રકતદાન કરવા માટે ઉત્સાહ જોવા મળ્યો હતો. જેમાં યુવાનોએ સ્વેચ્છાએ રકતદાન કરતા ૩૦ જેટલી રકતની બોટલો એકત્રીત થઈ હતી.







વઢવાણના પીટી શિક્ષક લાછુબેન પરમારે મલેશિયામાં મેડલ પ્રાપ્તો કરી વઢવાણનું ગૌરવ વધાર્યુ છે. મલેશિયા ખાતે યોજાયેલી ૩૬મી એશિયા માસ્ટર એથ્લેટિક્સ સ્પર્ધામાં વઢવાણના પીટી શિક્ષક લાછુબેન પરમારે જેવલિન થ્રો સ્પર્ધામાં કાંસ્યચંદ્રક મેળવ્યો છે.

લાછુબેન સમસ્ત કારડિયા રાજપુત સમાજ કન્યા કેળવણી ટ્રસ્ટ સંચાલિત સરસ્વતી કન્યા વિદ્યાલય વઢવાણના પીટી શિક્ષક છે. ૩૬મી એશિયા માસ્ટર એથ્લેટિક્સ સ્પર્ધા મલેશિયાના કુઆલાલમ્પર ખાતે ૧૨,૧૩ ઓક્ટોબરનં રોજ યોજાઈ હતી આ સ્પર્ધામાં તેમણે શોટપુટ, ડિસ્ક થ્રોમાં ચોથો ક્રમાંક મેળવ્યો હતો.



સુરેન્દ્રનગર શહેરની મિનશા એકેડેમી પ્રિ-સ્કૂલમાં નવરાત્રી અંતર્ગત કાર્યક્રમ યોજાયો હતો. જમાં બાળકોએ ટ્રેડિશનલ ડ્રેસ પહેરીને માતાજીની આરતી કરી અને ગરબે રમ્યા હતા.

## ૬ થી ૧૯ વર્ષની વયજૂથના શિક્ષણથી વંચિત બાળકોનો સર્વે હાથ ધરાશે

સુરેન્દ્રનગર:

સુરેન્દ્રનગર જિલ્લામાં સમગ્ર શિક્ષા અભિયાન અંતર્ગત ૬ થી ૧૯ વર્ષની વયજૂથના શિક્ષણથી વંચિત રહી ગયા હોય જે જેણે ધો. ૧ થી ધો. ૧૨ સુધીનું શિક્ષણ ક્યારેય મેળવેલ નથી, તેવા અને ધો. ૧૨ સુધીનું શિક્ષણ પૂર્ણ કર્યા વગર અધવચ્ચેથી શાળા છોડી દીધા હોય તેવા દિવ્યાંગ સહિતના તમામ બાળકોનો સર્વે સુરેન્દ્રનગર જિલ્લાની તમામ શાળા મારફત હાથ ધરવામાં આવનાર છે. તા. ૭/૧૧/૨૦૨૪ થી તા. ૧૬/૧૧/૨૦૨૪ સુધી થનાર આ સર્વેમાં સરકારના તમામ વિભાગો દ્વારા, જાહેર જનતા અને એનજીઓને સહભાગી થવા જણાવવામાં આવે છે. જો આવા બાળકો કોઈના ધ્યાનમાં આવે તો નજીકની સરકારી શાળાના આચાર્યશ્રી, સી.આર.સી કો.ઓર્ડીનેટરશ્રી, તાલુકાના બી.આર.સી કો.ઓર્ડીનેટરશ્રી અથવા જિલ્લા પ્રોજેકટ કચેરી, સમગ્ર શિક્ષાને લેખિત, મૌખિક કે ટેલીફોનીક ટોલ ફ્રી નં. ૧૮૦૦-૨૩૩-૩૧૫૩ ઉપર કચેરી સમય દરમ્યાન જાણ કરવા જિલ્લા પ્રોજેકટ કો-ઓર્ડીનેટર અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી સુરેન્દ્રનગર દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

# થાનમાં સગીરાની ભોળપણનો લાભ લઈ દુષ્કર્મ : ૮ પૈકી ૬ ની ધરપકડ



થાનગઢ :

થાન પંથકમાં રહેતી ૧૭ વર્ષીય સગીરાનું અજય ભરવાડ અને કાનો ઉર્ફે હરિ (રહે. થાન)એ અપહરણ કર્યુ હતું. બાદમાં સગીરાના ભાઈને ઉપાડી લઈ જવાની અને મારી નાખવાની ધમકી આપી અજય ભરવાડ, અજય મનાભાઇ અલગોતર, શૈલેષ ઉકાભાઇ અલગોતર, ધ્રુવભાઈ મહેન્દ્રભાઇ ચાવડા, કૌશિકભાઇ ઉર્ફે લાલાભાઈ હરેશભાઇ ગોસ્વામી, વિજયસિંહ નરેન્દ્રસિંહ સોલંકી અને દર્શન મુકેશભાઇ સદાદીયાએ સાત મહિનામાં સગીરાને અલગ-અલગ જગ્યાએ લઈ જઈ દુષ્કર્મ આચર્યુ હતું.

થાનગઢ રહેતી એક પરિવારની સગીર દીકરી પર આઠ નરાધમો દ્વારા જુદા જુદા સ્થળો પર લઇ જઇ દુષ્કર્મ આચર્યુ હોવાની ફરિયાદ થાનગઢ પોલીસ મથકે નોંધાઇ હતી આ ફરીયાદ સગીરાની માતા દ્વારા આઠ શખ્સો પર નોંધાવતા જ પોલીસે ઘટનાની ગંભીરતા લઇ તમામ નરાધમોને ઝડપી લેવા કાર્યવાહી હાથ ધરી હતી. જેમાં સોમવારે થાનગઢ પોલીસ દ્વારા આ પ્રકરણમાં સંડોવાયેલ વધુ ચાર શખ્સોને ઝડપી લીધા હતા. જેમાં અજય ઉર્ફે ગડો નાનાભાઈ અલગોતર, અજય ઉર્ફે નાગજી દેવકરણભાઈ ભરવાડ, ધ્રુવ ઉર્ફે ધુલો મહેન્દ્રભાઈ ચાવડા તથા હરેશ ઉર્ફે કાનો ઉર્ફે હરી ભાનુભાઈ ભરવાડને ઝડપી લીધો હતો. તેમજ આ બનાવમાં સામેલ કૌશિક ઉર્ફે લાલા હરેશભાઈ ગોસ્વામીને નડીયાદથી ઝડપી લેવામાં આવ્યો છે.

આ બનાવમાં પોલીસની પુછપરછમાં હરી નામનો શખ્સ સગીરાને સુરત લઈ ગયો હતો. અને સગીરાને મુકવા માટે થાનથી એક બોલેરો ગાડી લીંબડી સુધી ગઈ હતી. આ કાર કોની હતી તે વિષે પોલીસે તપાસ હાથ ધરી છે. વધુમાં હરી ઈન્સ્ટાગ્રામના માધ્યથી સગીરાના સંપર્કમાં આવ્યો હતો. અને સગીરાના ભોળપણનો લાભ લઈ દુષ્કર્મ કરવામાં આવ્યુ હતુ. આ બનાવમાં પોલીસે મંગળવાર બપોર સુધીમાં ૮ પૈકી ૬ આરોપીઓને ઝડપી લીધાનું જાહેર કરેલ છે.

સોહમ્ ૨૪ સાપ્તાહિક
નવા વિચારોનું નવું માધ્યમ દર ગુરુવારે પ્રસિદ્ધ થતું
સુરેન્દ્રનગરનુ લોકલ અખબાર સોહમ 24 સાપ્તાહિક
ક્યુ .આર સ્કેન કરો પી.ડી.એફ ડાઉનલોડ કરો
સોહમ્ 24 ન્યુઝ ઈ-પેપર
પી.ડી.એફ (PDF) ડાઉનલોડ કરો ફક્ત એક જ ક્લિકમાં
સોહમ્ 24 મા સાપ્તાહિક
જાહેરાત માટે નો કોન્ટેક નંબર 75750 20982
90333 00345 વોટ્સએપ પર
સોહમ 24 સાપ્તાહિક સમાચાર વાંચવા માટે આપેલ નંબર પર અત્યારે જ "Hi" લખી મેસેજ કરો
સોહમ્ 24 ન્યુઝની વધુ માહિતી માટે અમારી વેબસાઈટ પર વિઝીટ કરો
WWW.SOHAM24.COM

# સંભારણા દિવસ : શહીદોને આપવામાં આવી શ્રદ્ધાંજલિ




સુરેન્દ્રનગર :

શહીદ થયેલા જવાનોની યાદગારીના રૂપે દર વર્ષે ૨૧મી ઓક્ટોબરે દેશભરમાં પોલીસ વિભાગ દ્વારા સંભાણાના દિવસ ઉજવાય છે. લોકોની સુરક્ષા માટે તેમજ ફરજ દરમિયાન શહીદ થયેલ અને કુદરતી આપદામાં મૃત્યુ પામેલ પોલીસ અધિકારી કર્મચારીઓને આજના દિવસે યાદ કરી શ્રદ્ધાંજલિ આપવામાં આવે છે. ત્યારે સુરેન્દ્રનગર પોલીસ વિભાગ દ્વારા શહેરના જવાહર ગ્રાઉન્ડ ખાતે સંભાણા ના દિવસ નિમિત્તે કાર્યક્રમ યોજવામાં આવ્યો. જેમાં શહીદ થયેલા ૨૧૩ જેટલા શહીદોને શ્રધ્ધાંજલિ આપવા આવી. એસ.પી ડો.ગિરીશભાઈ પંડ્યાએ યાદગાર ગૌરવ દિવસે શહીદોને શ્રદ્ધાંજલિ આપી હતી. જેમાં વિવિધ ડિવિઝનના ડીવાયએસપી, પી.આઇ., પીએસઆઇ તેમજ અધિકારીઓ અને જિલ્લાના પોલીસ કર્મચારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# લીકેજ પાણી પાઈપ લાઈન સત્તાધીશોના આંખ આડા કાન

અહેવાલ : અશોક રાઠોડ

સુરેન્દ્રનગર :

દાળમિલ રોડ ઉપર bsnl ટાવર સામે "ખોડીયાર ધારા" મકાન પાસે ધોળી ધજા ડેમથી પાણીની ટાંકી સુધીની મેઇન પીવાના પાણીની પાઇપ લાઇન પાણી પુરવઠાએ નાખેલ છે. જે હાલ નગરપાલિકા સંચાલિત છે. તે પાણીની પાઇપ લાઇન લીકેજ થઈ રહ્યાની ફરિયાદ ઉઠી છે.



દાળમિલ રોડ પાસે "ખોડીયાર ધારા" મકાનની આગળ પાછળ બંને સાઈડમાં મેઈન લાઈનનું છેલ્લા એક વર્ષથી પાણી લીકેજ થાય છે. તેના અનુસંધાનમાં ત્યાંના વિસ્તારના લોકોએ સુરેન્દ્રનગર નગરપાલિકામાં અવાર નવાર ચીફ ઓફિસર તથા એન્જિનિયર તેમજ હાલના પ્રમુખને લીકેજ પાણીના ફોટોગ્રાફ તથા વિડીયો સાથે રજૂઆતો કરેલ છે. તેમ છતાં પ્રશ્નનું નિરાકરણ ન આવતા હજારો લિટર પીવાનું પાણી ખુલ્લી જગ્યામાં વેડફાઈ જાય છે. અને પાણીમાં રેઢીયાળ પશુઓનો ત્રાસ વધતો જાય છે. અને ગંદકી તથા મચ્છરોનો ઉપદ્રવ વધતા જન આરોગ્ય ઉપર ખતરો સર્જાયો છે. આ સમસ્યા વચ્ચે આજ દિન સુધી નગરપાલિકા તરફથી ધોળી ધજાની મેઇન પીવાના પાણીની લાઈન લીકેજ ની કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. અને ફક્ત પાલિકાના સત્તાધીશો આશ્વસન આપતા સ્થાનિક રહીશો ત્રાહીમામ પોકારી ગયા છે.

www.soham24.com
સોહમ્ ૨૪ સાપ્તાહિક
કાર્યાલય : રાજનાથ મહાદેવ મંદિર પાસે, કુંથુંનાથ દેરાસર ચોક, રાજનાથ ચેમ્બર, શોપ નંબર - ૨, પહેલા માળે, સુરેન્દ્રનગર. Mo. 90333 00345
Email : soham24info@gmail.com - info@soham24.com
સોહ્મરજ સાપ્તાહિક ન્યુઝ સાથે જોડાવવાની ઉત્તમ તક...
સુરેન્દ્રનગર જિલ્લાના તાલુકા વઢવાણ, લખતર, મુળી, સાયલા, થાન, ચોટીલા, લીંબડી, ધ્રાંગધ્રા, પાટડી-દસાડા, ચુડા મથકો ઉપર સમાચાર અને જાહેરાતનું કામ સંભાળી શકે તેવા ઉત્સાહી પત્રકારોની જરૂર છે, સાથે જાહેરખબરનું કામ કરી શકે તે માટે એજન્સી આપવાની છે. બહોળો અનુભવ ધરાવતા પત્રકારત્વ કરતા રિપોર્ટરને અગ્રીમતા આપવામાં આવશે...

OWNER, PRINTER & PUBLISHER, EDITOR : ROHITBHAI GHANSHYAMBHAI PARMAR, PRINTED AT ASHVJIT GRAPICM.J. GANDHI ROAD, SURENDRANAGAR, PUBLISHED FROM:Coz-way Road, Opp.Babu Nivash Wishvkarma Gas,Joravarnagar,tal.Wadhwan,Dist.SURENDRANAGAR (Gujarat)